॥ वेदश्चक्षुः सनातनम् ॥

॥ वेदानां सामवेदोऽस्मि ॥

* वामन सामवेदः *

अथ भगवत्पाद अष्टोत्तर श्रीगुरु रामानन्द पादारविन्द चंचरिक चेतसा श्रीमदुदासीनवेददर्शनाचार्य-स्वामिगंगेश्वरानन्देन निर्मितं सामभाष्यं गुर्जरभाषानुवादसहितम् ॥

प्रकाशक.—

टक्कर केशवलाल रणछोडदास.

जमालपुर; माळीनो पोळ.

अमदावाद.

सर्व हक्क कर्तानि स्वाधिन.

आवृत्ति १] नकल १००० [संवत १९८७

मुद्रण स्थान —"उत्कृष्ट मुद्रणालय"

मुद्रकः—पुरुषोत्तमदास शंकरदास पटेल.

गांधीरोड पुल पासे— अमदावाद.

अपहतपाप्मा हि स्वाध्यायः ॥

॥ स्वाध्यायो वै ब्रह्मयज्ञः ॥

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक: ૧૫૮૧૭ वर्गांक

पुस्तकनुं नाम: ગામનાં આગાહી

विषय: ૫૬૨:૯

* वामन सामवेदः *

अथ भगवत्पाद अष्टोत्तर श्रीगुरु रामानन्द पादारविन्द
चंचरिक चेतसा श्रीमदुदासीनवेददर्शनाचार्य-
स्वामिगंगेश्वरानन्देन निर्मितं रामभाष्यं
गुर्जरभाषानुवादसहितम् ॥

प्रकाशक :—

ठक्कर केशवलाल रणछोडदास.

जमालपुर; साळवीनो पोळ,

अमदावाद.

आवृत्ति १] नकल १००० [संवत १९८७

मुद्रण स्थान:—"उत्कृष्ट मुद्रणालय"
मुद्रक:—पुरुषोत्तमदास शंकरदास पटेल.
गांधीरोड पूल पासे—अमदावाद.

गुजरात विद्यापीठ ग्रंथालय

मङ्गलाचरण.

हंसात्त हंस विज्ञानं हंसं हंस विदुत्तमम् ।
हंस मानस सद्धंसं कुमारं वैधसं भजे ॥ १ ॥

यतिं श्री शशिनंनौमि ।
भूतिभूषितगात्रकम् ॥
विश्व विश्रुतमहिमानं ।
विश्वभावोद्भवं भवम् ॥ २ ॥

रामानन्दं गुरुं नत्वा देवाँश्च वेदविश्रुतान् ।
पञ्च हेरम्बवैकुण्ठ शक्तिशङ्करभास्करान् ॥ ३ ॥

योगोपासन भूयिष्ठमृजुप्रज्ञावतांकृते ।
वामन सामवेदीयं "रामभाष्यं" वितन्यते ॥४॥

પ્રસ્તાવના

૧. વેદમાં આધિભૌતિક, આધિદૈવિક અને અધ્યાત્મિક ત્રણ ભાવો છે. આધિભૌતિક સ્પષ્ટ રીતે જણાઈ આવે તેવો હોવાથી તેનો વિસ્તાર કરવામાં આવ્યો નથી. અધ્યાત્મિક, કર્મ અનુષ્ઠાન પછીથી ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કર્યા પછીથી આપોઆપ પ્રતીત થઈ આવે છે તેથી તે ભાવ પણ વિસ્તારપૂર્વક હજુ સુધી ભાષ્યકારોથી ચર્ચવામાં આવેલો નથી, ને હજુ સુધીમાં મળી આવતાં ભાષ્યોમાં અને ખાસ કરીને શ્રેષ્ટ એવા સાયણ આચાર્યના ભાષ્યમાં પણ આધિદૈવિકભાવનું વિવેચન મળી આવે છે. ત્રણે ભાવમાં હજુ સુધીમાં ચિત્તશુદ્ધિના સાધનરૂપ કર્મ ને તેના અનુષ્ઠાનને માટે આકર્ષક આધિદૈવિક ભાવ પ્રતીત થાય છે, વેદનો મહિમા તે જ છે કે તે ત્રણે ભાવ તેમાં સંપૂર્ણ રીતે સંબદ્ધ છે.

૨. "वेदानां सामवेदोऽस्मि" સામવેદ ભગવાનનું સ્વરૂપ છે. સામવેદમાં ગાયન પ્રધાન, ઋગ્વેદના ઘણાખરા મંત્રો લેવામાં આવેલા છે તે તમામ બાદ કરતાં અસલ સામવેદમાં કુલ ૭૫ મંત્ર રહે છે. તે અસલ સામવેદ જ છે, બાકી હાલ મળી આવતી સામવેદ સંહિતામાં ઋગ્વેદના મંત્રો આવે છે તે તમામ નીકળી જાય છે. સામવેદમાં, પૂર્વાર્ચિકમાં ૬ અને ઉત્તરાર્ચિકમાં નવ એમ કુલ ૧૫ પ્રપાઠક આવે છે. પૂર્વાર્ચિકના છઠ્ઠામાં અને ઉત્તરાર્ચિકના ૧–૨–૬ પ્રપાઠકમાં સામવેદનો એક પણ મંત્ર આવતો નથી તેથી સામવેદના બાકીના ૧૧ પ્રપાઠકોમાંથી કેવળ સામના જ મંત્રો જુદા પાડવાથી હાલનું "વામન સામવેદ"નું સ્વરૂપ મળી આવે છે.

૩. કર્માનુષ્ઠાનથી ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરી, આધિદૈવિક ભાવમાંથી આગળ વધતાં આધ્યાત્મિકભાવ આ વામન સામવેદમાંથી કેવી સુંદર

રીતે ફલિતાર્થ થાય છે. તે વેદદર્શનાચાર્ય ઉદાસીન સ્વામી શ્રી ગંગેશ્વરાનન્દજીએ પોતાના રામભાષ્યમાં બતાવી આપ્યું છે. સ્વામીશ્રીનું રામભાષ્ય તે વામન સામવેદમાંના આધ્યાત્મિક માર્ગમાં જીજ્ઞાસુઓને પ્રેરનાર છે. ને વેદ, લૌકિક અને પારલૌકિક સર્વ સુખ આપી આત્માને શાંતિ આપનાર છે, સનાતન ચક્ષુ, વેદ ઊંડી આધ્યાત્મિક દૃષ્ટિ કેવી રીતથી આપે છે તે આ રામભાષ્યમાં સ્વામીજી સર્વ શ્રેષ્ઠ રીતે આપણુને સમજાવે છે. કર્મ–યજ્ઞના ગાયન સારૂ ભક્તિ પ્રધાન સામવેદમાં ઉંચ્ચજ્ઞાનની પ્રતિતી કરાવી, વેદમાં જ્ઞાન–કર્મ–ભક્તિનો સમન્વય—સ્વામીશ્રી સિદ્ધ કરી આપે છે.

૪. સ્વામીશ્રીએ આ ભાષ્ય પ્રસિદ્ધ કરતી વખતે કરેલી શિરસાવંદ્ય આજ્ઞાનુસાર અનુવાદ ગુજરાતી ભાષામાં કરી આ પુસ્તકમાં સાથે સાથે જ જોડવામાં આવ્યો છે. મૂળ ભાષ્યનો ભાવ ભાષાંતરમાં કાયમ રહે તેવી રીતે ઉતારવાનો પ્રયાસ કર્યો છે; તેમાં ત્રુટીઓ જણાય તો તે માટે સુજ્ઞ વાંચકો ક્ષમા આપશે. અસલ ભાષ્ય જ સુંદરને સરલ હોઈ તેમાં વિશેષ ભાવાર્થ કાઢવા જેવું રહેતું જ નથી. આધ્યાત્મિકભાવ પ્રધાન ભાષ્યના વિચારોની ઉન્નતતા તે સ્વામીશ્રીની અપ્રમેય શક્તિનું પરિણામ છે.

૫. પુસ્તકને છાપખાનામાંથી બહાર લાવવામાં કરવી પડેલી ઉતાવળથી રહી ગયેલ છપામણીના દોષોને માટે ક્ષમા કરશો જ.

શાહપુર ગોજારીઆની પોળ,
અમદાવાદ
૨૦–૨–૧૯૩૧

સ્વામીશ્રીની આજ્ઞાથી
અનુવાદક,
હરિશંકર લ. ત્રિવેદી



१ भगवत्पाद १०८ श्री गुरु रामानन्दजी महाराज
२ स्वामी महेश्वरानन्दजी
३ वेददर्शनाचार्य रामभाष्यनिर्माता. श्रीमदुदासीन स्वामी
श्री गङ्गेश्वरानन्दजी (मण्डलेश्वर).

वामन सामवेदः

अग्ने ! विवस्वदाभरास्मभ्यमूतयेमहे ।
देवो ह्यसि नो दृशे ॥१॥

प्र १. अ १. द १. मं १०.

(**विवस्वत्**) विवसनं विवः विविधनिवासः तद् विद्यते यस्मिन् इति विवस्वत् विविधवासनिमित्तं कर्म । (**आभर**) आहर संपादय किमर्थम् (**अस्मभ्यं**) अस्माकं (**महे**, महते (**मूतये**) रक्षणाय अपि वा संबोध्य विशेषणं विवस्वदिति विविध निवसहेतोः । (**अस्मभ्यं**) अस्मानुद्धर्तुं (**आहर**) अभिस्वमाहर, स्वाभिमुखीकुरु । (**हि**) यस्मात् (**नो**) अस्माकं, त्वं अस्माकं दिवोऽसि, आराध्यो भवसि । भगवन् ! अस्मभ्यं स्वांभक्तिं वितरेति यावत् । तत् प्रयोजनमाह (**दृशे**) इति द्रष्टुं भवत्साक्षात्काराय, अनेन भगवत्साक्षात्कारस्य भक्त्यैक साध्यत्वं दर्शितम् ॥१०॥

અયિ અગ્નિદેવ! વિવિધ પ્રકારનાં નિવાસ સ્થાનવાળું કર્મ સંપાદન કરો. જેથી અમને મોટું રક્ષણ મળે, અમારા ઉદ્ધારને માટે અમારી પ્રત્યક્ષ તે કર્મ લાવો; કારણ કે આપ અમારા આરાધ્ય દેવ છો, અને તે ભક્તિ રૂપી કર્મથી અમો આપનો સાક્ષાત્કાર કરીએ.

आजुहोता हविषा मर्जयध्वं निहोतारं गृहपतिं दधिध्वम् ।
इडस्पदे नमसा रातहव्यं सपर्यता यजतम्पस्त्यानाम् ॥२॥

प्र १. अ २. द ७. मं १.

भो भक्ताः । यूयम् (**आजुहोता**) आह्वयत (**हविषा**) भक्त्युपहृतेनान्नादिना (**मर्जयध्वम्**) मर्जयध्वम् डकारस्य जकारश्छान्दसः प्रसादयध्वमिति यावत् यद्वा (**हविषा**) निष्कामकर्मणा (**मर्जयध्वं**) अन्तःकरणं क्षालयध्वम् "मृजू शुद्धौ णिचि लोटिरूपम्" वृद्ध्यभावश्छान्दसः ।

(**होतारं**) सर्वेषामत्तारम् " यस्यब्रह्म च क्षत्रं च उभे भवत ओदनाः" इति श्रुतेः। अथवा (**होतारं**) दातारं भक्ताभिलषितानां, जुहोतिरत्र दानसामान्ये वर्तते (**गृहपतिं**) गृहं ब्रह्माण्डाख्यं तस्य पतिं पालकं परमात्मानं माम् (**इडस्पदे**) ईड्यतेस्तूयते इति ईड् तस्य-स्तुत्यस्यमम पदं स्थानं हृदयं एष म आत्माऽन्तर्हृदयइति श्रुतेः, तत्र (**निदधिध्वम्**) स्थापयत ध्यायत किञ्च (**रातहव्यम्**) हूयते दीयते यत् तद्धव्यं भगवते समर्प्यमाणं वस्तुजातं रातं दत्तं यस्मै तत्तथोक्तं विविधवस्तु प्रदानेन प्रसादितम् (**पस्त्यानाम्**) गृहाणां प्रशस्ति धाम्नां पूजनीयानां मध्ये (**यजतं**) यष्टव्यं पूजनीयं भगवन्तं मां (**नमसा**) नमनादिना (**सपर्यत**) पुष्पादिभिरर्चत, पस्त्यशब्दः पतेः क्यचि पृषोदरादित्वात् सकारागमे साधुः, पतन्ति प्रविशन्ति जना अस्मिन् तत् पस्त्यं गृहमिति देवराजः ॥१॥

હે ભકત જનો! ભકિતથી અર્પણ કરેલા અન્ન વિગેરેના બલિદાનથી તમે મને પ્રસન્ન કરો અગર તો નિષ્કામ કર્મથી તમારાં અંતઃકરણને શુદ્ધ કરો સર્વનું ભક્ષણ કરનાર, અગર ભકતોની ઇચ્છાઓ પૂરણ કરનાર બ્રહ્માંડરૂપી ગૃહના પતિ (પાલક) પરમાત્મા એવા મને, તમારા હૃદયમાં સ્થાપો. એટલે કે મારું ધ્યાન ધરો. સર્વ દ્રવ્યો જેને અર્પાય છે તેવા, સર્વ પૂજનીયોમાં પૂજ્ય ભગવાનને, મને, નમસ્કારાદિથી તમો પૂજો.

वित्वदापो न पर्वतस्य पृष्ठादुक्थेभिरग्ने जनयन्तदेवाः ।
तं त्वागिरः सुष्टुतयो वाजयन्त्याजिन्नगिर्ववाहो जिग्युरश्वा ॥२

प्र १. अ २. द ७. मं ६.

(**अग्ने**) सर्वाग्रणीः सर्वेषांनियामक परमात्मन् ! (**त्वत्**) त्वत्तः प्राप्तैरितिशेषः-(**उक्थेभिः**) उक्थैः स्तोत्रैः योगस्तावकैर्मन्त्रविशेषैः स्वाध्याययज्ञैर्वा (**देवाः**) देवतुल्याः वेदावगतयोगमार्गपरा विद्वांसः (**त्वा**) त्वां (**व्यजनयंत**) विजनयन्ति नित्यस्योत्पादासम्भवात् प्रादुर्भावयन्ति

प्रादुर्भूतं भवन्तं पश्यन्ति च तत्र दृष्टान्तः (**पर्वतस्य**) मेघस्य गिरेर्वा (**पृष्ठात्**) उपरिभागात् पतन्त इति शेषः (**आपोन**) आपो जलानि यथा विद्युतं जनयन्ति प्रकटयन्ति अपि च (**गिर्ववाहः**) गीर्भिः वाग्भिः प्रशंसामयिभिर्वहनीय प्राप्तव्य भगवन् ! (**तं**) भक्तवत्सलतया योगिजनद्रष्टव्य तया च प्रसिद्धम् (**त्वा**) त्वां भक्ता योगिनो वा (**वाजयन्ति**) वलिनं संपादयन्ति भक्तैर्योगिभिर्वा अनिशमाराधितस्त्वं विचित्राणि कर्तव्यानि विदधाति येन तव बलं लोके प्रख्याप्यते सर्वदा सर्वशक्तिमतो भवतः शक्तिप्रख्यापनमेव वलित्वसम्पादनम् न चान्यादृशं तदिह सम्भवति अपि वा (**[illegible]**) अन्नं कुर्वन्ति तत्करणं च तद्रसास्वादवत् भगवन्निरतिशयानन्दास्वादनं, अन्नमिच्छन्ति वा यथाक्षुधातुरा अनिमिषलोचनाः सस्पृहमन्नमवलोकयन्ति तथा त्वां सोत्कण्ठाः पश्यन्ति तत्र कारणमाह (**सुष्टुतयः**) शोभनास्तव रूपाः (**गिरः**) वचांसि (**जिग्युः**) जयन्ति–आत्मसात्कुर्वन्ति अत्र निदर्शनम् (**अश्वा आर्जि न**) यथा सुशिक्षिता हया युद्धं जयन्ति तथेत्यर्थ ॥६॥

હે સર્વ નિયામક અગ્રણી અગ્નિ દેવ ! આપનાથી પ્રેરાયેલાં સ્તોત્રોવડે એટલે યોગના મંત્રો અગર સ્વાધ્યાય મંત્રોવડે, વેદથી બતાવેલા યોગમાર્ગમાં તત્પર, દેવ તુલ્ય વિદ્વાન પુરૂષો આપને પ્રગટ થયેલા નિહાળે છે; જેવી રીતે પર્વતપરથી પડતું પાણી વિજળીને પ્રગટ થયેલી નીહાળે છે તેવી રીતથી; ઉપરાંત વાણીથી પ્રાપ્ત કરવા યોગ્ય ભગવન્ આપને યોગીઓ તથા ભકતો પ્રાપ્ત કરે છે. જેમ સુશિક્ષત ઘોડાઓ પોતાના કૌશલ્યથી લડાઈમાં જય મેળવે છે તેમ યોગીઓ અને ભકતો સુંદર અને મનોહર સ્તુતિ વચનોથી આપને જીતીલઈ, સ્વાધીન કરે છે,

ભૂખ્યા માણુસો જેવી રીતે એક મીંટથી ઇચ્છાપૂર્વક અન્ન તરફ જુએ છે તેવીજ રીતે ભકતો અને યોગીઓ આપના તરફ જુએ છે.

यदि वीरो अनुष्यादग्निमिन्धीत मर्त्यः ।
आजुह्वद्धव्यमानुषक् शर्म भक्षीत दैव्यम् ॥४॥

प्र १. अ २. द ९. मं २.

(**मर्त्यः**) मनुष्यः (**वीरः**) वीर्यवान् यमनियमाद्यष्टाङ्गानुष्ठानलब्ध सामर्थ्यःसन् (**यदि**) चेत् (**अग्निम्**) योगाग्निम् (**इन्धीत**) दीपयेत्, चिरमनिशं सत्कारपुरःसरं योगमासेवेत तथा च पातञ्जलं सूत्रं "दीर्घकाल नैरन्तर्यं सत्कारासेवितो दृढभूमिरिति" दृढेन सततं योगाभ्यासेन मद्दर्शनपरिपन्थि क्षिप्तादिचित्तवृत्तिसन्दोहं निरुन्धीत किं कुर्वन् (**हव्यम्**) होतव्यं स्वात्मानं मयि भगवति देदीप्यमानस्वरूपे (**आजुह्वत्**) आभिमुख्येन होमं कुर्वन् प्रविलापयन् स्वात्मानं मदभेदं नयन् जीव ब्रह्मणोरैक्यं चिन्तयन् तदा (**अनुष्यात्**) अनुभवेत् मां साक्षात्कुर्वीत ततः (**दैव्यम्**) देवस्यममात्मभूतं (**शर्म**) सुखं (**आनुषक्**) अनुशक्तं व्यवच्छेदवर्जितं यथा स्यात् तथा (**भक्षीत**) भजेत्-सेवेत अपुनरावृत्यपरपर्यायां ब्रह्मसाक्षात्कारैकलभ्यां निरतिशयानन्दावाप्तिलक्षणां मुक्तिं लभेत (**आनुषक्**) अनुशक्तं अनुपूर्वात् सञ्जसङ्गे भवादि परस्मैपदि इत्यस्मात्क्विप्यनिदितामिति न लोपः अनोराकारश्चच्छान्दसः इति देवराजः

વીર્યવાન્ મનુષ્ય જો યોગ અગ્નિને પ્રકટ કરે ને હવ્યને હોમે તો દૈવી સુખને અવિચ્છિન્ન રીતે અનુભવે ને ભોગવે. યમ નિયમાદિ આઠ અનુષ્ઠાનોથી પ્રાપ્ત કરેલ સામર્થ્યવાન પુરુષ યોગરૂપી અગ્નિની રાત્રિ દિવસ સત્કાર પૂર્વક સેવા કરે તથા પોતાના આત્માને દેદીપ્યમાન મારા સ્વરૂપમાં હોમીદે-વિલીન કરે—જીવ બ્રહ્મનું ઐક્યજ ચિંતવે તો દેવનું મારામાં આત્મ સમર્પણનું સુખ કાંઈ પણ ભંગ પડયા વિનાનું પ્રાપ્ત કરે છે.

જન્મ મરણના અંતવાળી, બ્રહ્મ સાક્ષાત્કારથી મળી શકે તેવી, ને અત્યંત આનંદ પ્રાપ્તિ જેનું લક્ષણ છે એવી મુક્તિને પામે છે.

जातः परेणधर्मणा यत्सवृद्भिः सहाभुवः।
पितायत्कश्यपस्याग्निः श्रद्धा माता मनुः कविः ॥५॥

प्र १. अ २. द ९. मं १०.

हे अग्ने ! (**परेण**) सर्वोत्कृष्टेन (**धर्मणा**) धर्ममेघेन मेघ शब्दोऽत्र विनापि प्रत्ययं पूर्वोत्तर पदयो र्लोपो वा वाच्यः, इति वचनेन सत्याभामेति वल्लभो द्रष्टव्यः योगाभ्यासलब्धधर्ममेव समाधिनेति यावत् (**जातः**) प्रादुर्भूतोऽसि. प्रादुर्भूय भक्तजनदृष्टिपथं व्रजसि अपि च (**यत्**) यस्त्वम् सहवर्तन्ते भगवदाराधने ते सवृतस्तैः (**सवृद्भिः**) भवदुपासकैः (**सह**) सार्धं (**अभुवः**) अभवः गुणाभावश्छान्दसः भवसि वर्तसे स्वभक्तानां सन्मार्ग प्रदर्शकोऽकपटमहचरश्च त्वमेवेति भावः धर्ममेघं विशनष्टि (**यत्**) यस्य (**अग्निः**) अग्नेः तत्सदृशस्याविद्या ध्वान्तापहारकस्य ऋतम्भरायाः प्रज्ञाया उत्पादद्वारेण हस्तन्यस्तविल्वायितसमस्तवस्तुजातस्य (**कश्यपस्य**) कश्यपः कशनं कशा शासनं तामर्हन्ति ते कश्यास्ताडनीया यत्नेन रोधव्याः कामादयस्तान्पाययति शोषयति नाशयतीति कश्यपः वैराग्योपेतोऽभ्यासः कश्योपपदात्पै शोषण इत्यस्मात्कर्तरि कः (**पिता**) जनकः धर्ममेघो हि वैराग्यसहकृतेनाभ्यासेन जन्यते ततस्तस्य तत्पितृत्वं (**श्रद्धा**) योगशास्त्रो पदिष्टेषु मनः प्रतीतिर्विश्वासोऽपर पर्याया ।

(**माता**) जननी तामन्तरेण तदनुत्पत्तेः (**मनुः**) मनुरिव सर्वोत्तमः (**कविः**) क्रान्तदर्शी सर्वार्थदर्शक इति।

હે અગ્નિ દેવ! સર્વોત્કૃષ્ટ ધર્મમેઘ સમાધિની સાથે આપ ઉત્પન્ન થયા છો એવા આપના કશ્યપ પિતા છે શ્રદ્ધામાતા છે અને મનુ સર્વાર્થ દર્શક કવી છે.

યોગાભ્યાસથી પ્રાપ્ત ધર્મમેઘ સમાધિ સાથે ભકતજનની નજરે આવોછો ને પોતાના ભકતોને સારો માર્ગ બતાવો છો, જે યોગાગ્નિના પિતા કામ આદિને શોષણ કરનાર વૈરાગ્ય યુકત અભ્યાસરૂપી

કશ્યપ છે. પિતા એટલે જનક, ધર્મમેઘ વૈરાગ્ય સાથેના અભ્યાસથી ઉત્પન્ન થાય છે, યોગશાસ્ત્રના ઉપદેશોમાં મનના વિશ્વાસ રૂપી શ્રદ્ધા અગ્નિની માતા છે, આ સિવાય તેની ઉત્પત્તિ થતી નથી મનુ માફક સર્વોત્તમ સર્વાર્થદર્શક છે.

सोमं राजानं वरुणमग्निमन्वारभामहे ।
आदित्यं विष्णुं सूर्यं ब्रह्माणं च बृहस्पतिम् ॥६॥

प्र १. अ. २. द १०. मं १.

हे परमात्मन् (**सोमं**) उमासहितं मायाशबलं चंद्रवच्छान्तं वा (**राजानं**) दीप्यमानं स्वप्रकाशं सर्वशासकं (**वरुणं**) सर्वपापनिवर्तकं सम्भजनीयं वा (**अग्निं**) अग्रणीं मुख्यं (**आदित्यं**) सर्वेषां ग्रहीतारमत्तारं वा "अत्ताचराचर ग्रहणादितिहि व्यास सूत्रम्" (**विष्णुं**) सर्वानुस्यूतं परिपूर्णं व्यापकं (**सूर्यं**) सर्व प्रेरकं आकाशगामिनं वा कैमुतकन्यायेन सर्वगं यो हि गगने विचरति तस्य पृथिव्यां पाताले वा विचरणे कः क्लेशः (**ब्रह्माणं**) बृहन्तं महान्तं (**बृहस्पतिं**) बृहती वाग्वेदविद्या तस्याः पतिः स्वामी तं च "वाग्वै बृहतीतिच छान्दोग्यश्रुतिः" (**अन्वारभामहे**) अभ्यर्थयामहे। इन्द्रंमित्रं वरुणमग्निमाहु रिति मन्त्रोक्त रीत्या चन्द्रादि रूपेणाऽवतिष्ठमानमिति वा अतएव सायणऋग्वेदभूमिकायां तस्माद्यज्ञादिति मन्त्रस्थ सर्वहुत्पदस्य सर्वैरिन्द्रादियाजिभिस्तेषु तेषु यज्ञेषु परमेश्वर एवेन्द्रादि रूपेण आहूयते अतः स सर्व हुदित्यर्थमाह, अभ्यर्थना प्रकारश्चेत्थं भगवन्दर्शय दयनीयेषु दयां भवानेवाऽकारणबन्धुः सर्वेषां को न जानीते ! भवतो भक्तवत्सलतां वा, वयं च भवतः परम पावनानादेशान्परिपालयन्तः शक्नुमो धर्ममेघसमाधिं लब्धुं येन परमपावनं भवद्दर्शनं स्यात्तस्याच्चकृतकृत्यानामस्माकं सर्वसंसृति बन्धविनिर्मोक्षः ।

હે પરમાત્મન્, માયા સહિત પ્રકાશમાન, સર્વ પાપ નાશ કરનાર વરૂણ, અગ્રણી અગ્નિદેવ, સર્વને ગ્રહણ કરનાર આદિત્ય, સર્વ વ્યાપક વિષ્ણુ, સર્વ પ્રેરક સૂર્ય, વાગ્વેદ વિદ્યાના સ્વામી બ્રહ્મા, આપની

અમે પ્રાર્થના કરીએ છીએ. ધર્મમેઘ સમાધિ કે જેનાવડે આપનાં પરમપાવન દર્શન થઈ શકે, અમે કૃતકૃત્ય થઈએ તથા અમારો આ સંસારથી મોક્ષ થાય તે સમાધિને પ્રાપ્ત કરવા, આપનાં વિવિધ રુપોની પ્રાર્થના કરીએ છીએ.

इत एत उदारुहन् दिवः पृष्ठान्यारुहन् ।
प्रभूर्जयो यथा पथो द्यामङ्गिरसो ययुः ॥७॥

प्र १. अ २. द १०. मं २.

भो मनुष्याः (**एते**) मदनुगाः मन्निर्देशपालकाः (**इतः**) अस्मिन्भूलोके (**उत**) उत्कृष्टं सर्वोच्चपदं (**आरुहन्**) आरोहन्ति प्राप्नुवन्ति जीवन्त इति शेषः। प्रेत्य च (**दिवः**) द्युलोकस्य (**पृष्ठानि**) लक्षणया पृष्ठवदुच्छ्रितानि शिखराणि यानि शान्तानि सुखमयानि ब्रह्मलोकनाम्ना च कथितानि तानि (**आरुहन्**) व्याख्यातं ॥ तत्र निदर्शनं (**यथा**) (**जयः**) जयति भूमण्डलं वशीकरोति जयस्त्रिलोकी विजेतः (**प्रभुः**) कश्चिदतुलप्रतापः सम्राट् दैर्ध्यंछान्दसम्(**पथः**) सुपथः शोभन मार्गान्विशालान् नगरविशेषानात्मसात्कुरुते तद्वत्, उपसंहरति (**अङ्गिरसः**) अङ्गिनं सर्वप्रधानं मां रसयन्ति आस्वादयन्ति सानुरागं चिन्तयन्ति ते अङ्गिरसो मयि प्रीतिमन्तो मद्भक्ताः (**द्याम्**) उपलक्षणमेतत् भुवोपि तथा च भूलोकं द्युलोकं च (**प्रययुः**) प्रयान्ति प्रकृष्टाः सन्तः प्राप्नुवन्ति। भुविदिवि च सर्वोच्चं पदं समासादयन्तीयर्थः। (**भूर्जयः**) निष्कामकर्मानुष्ठानेन चेतो मलानां रागादीनां पक्तारो लक्षणया नाशयितारः परिपक्वं हि नश्यति भृज्जतेः पाककर्मणः इन् प्रत्यये रोपधयो रम्यकारस्यूकारश्छान्दसः

હે મનુષ્યો ! જેવી રીતે ત્રિલોકી વિજેતા અતુલ પ્રભાવવાળો સમ્રાટ્ ઉચ્ચપદ પામે છે તેવી રીતે આ મારા વિષે પ્રીતિવાળા મારા ભક્તો, આ લોકમાં ઉત્કૃષ્ટ પદ પ્રાપ્ત કરે છે ને સ્વર્ગમાં પણ ઉચ્ચ સ્થાન પામે છે. નિષ્કામ કર્મ કરવાથી ચિત્તના રાગાદિ મલનો નાશ

કરનાર, પૃથ્વી અને સ્વર્ગમાં ઉચ્ચસ્થાન એટલે શાન્ત સુખવાળા બ્રહ્મલોક નામથી ઓળખાતા સ્થાનને પ્રાપ્ત કરે છે.

राये अग्ने! महेत्वा दानाय समिधीमहि ।
ईडिष्वा हि महेवृषं द्यावा होत्राय पृथिवी ॥८॥

प्र १. अ २. द १०. मं ३. जीवोक्तिः

(**अग्ने**) भुवि वह्नि रूपेणावतिष्ठमान परमात्मन् एक एव जगदीश्वरो दिवि सूर्यो अन्तरिक्षे वायुरिन्द्रो वा भुवि अग्निर्भूत्वाऽवतिष्ठते ॥ तिस्रो देवता अग्निर्वायुरादित्यस्तत्राग्नि पृथिवी स्थानो वायुर्वेन्द्रोऽन्तरिक्षस्थान आदित्यो द्युस्थान इति निरुक्तम्. इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान् एकं सद्विप्रा बहुधा वदन्त्यग्नि यमंमातरिश्वानमाहुरिति च मंत्रवर्णः, तयोरालोचनया सर्वदेवात्मा परमात्मेति निश्चीयते स एव पृथिव्यादि स्थानोपाधि भेदेनाग्न्यादि देवभावं भजते तस्मात्सर्वत्राग्न्यादि पदानां तत्तद्देव रूपेण तेषु तेषु स्थानेष्वाश्रितः परमात्मैव वाच्यः यथा भूयांसो जना व्यष्ट्यभिप्रायेण नराः समष्ट्यभिप्रायेण राष्ट्रमिति च व्यवह्रियन्ते यथा वा व्यष्ट्याविश्व तैजसप्राज्ञाः समष्ट्या विराड् हिरण्यगर्भेश्वराः, अपि वा भूयांसस्तरवो व्यष्ट्या वृक्षा इति समष्ट्या वनमिति च व्यपदिश्यंते तथैक एव परमात्मा व्यष्ट्याग्न्यादयो देवा इति समष्ट्येश्वर इति च विज्ञायते स्पष्टिकृतश्चाऽयमर्थो तत्रतत्रराष्ट्रमिवेति ब्रुवता यास्केन तत्र परमात्मनि एतद्देताद्दशमग्न्यादिवचनं नर राष्ट्रमिव नरा राष्ट्रमिति यथा व्यवहारस्तद्वदित्यर्थः विस्तरस्तु निरुक्तादेवावसेयः। (**महे**) महते (**राये**) धनाय (**त्वा**) त्वाम् अभ्यायाम इति शेषः अपि च (**दानाय**) निरुक्त धनस्य ज्ञानलक्षणस्य मोक्षरूपस्य वा वितरणाय (**समिधीमहि**) त्वां दीपयामहे सावधानं कुर्मः सूचयामहे विबोधयामहे (**हि**) निश्चितं (**वृषन्**) मनोर्थानां वर्षक स्वाभिलषित् प्रद त्वं (**ईडिष्व**) अस्मान्स्तुहि निर्गुणस्य स्तुतेरसंभवात्स्तुतियोग्यान् भगवद्भक्त्यादीन् सद्गुणानस्मासु धेहि । अनुगृहाण वितरास्मभ्यं स्वभक्तिं येन वयं समस्तसद्गुणभाजनतां व्रजेम भक्तो हि समस्तसद्गुणभाजनं, किमर्थं? (**द्यावा पृथिवी**) दिवः

पृथिव्याश्च संबंधिने (**महे**) महते (**होत्राय**) हवनं होत्रम्, एतच्चोपलक्षणं यज्ञदानयोः। एवं च होत्राय हवनयजनदानादिसाध्याय स्वर्गाय यत्र दुःखेन संभिन्नमित्यादि लक्षणलक्षिताय निरतिशयसुखविशेषाय कृपया अस्मान्स्वभक्तान्विधाय दानादिलभ्यं भुवि दिवि च यत्सुखं सर्वोत्तमं तद्देहीति सरलार्थः। भक्त्यातदपि लभ्यते यद् यज्ञदानादिभिरशक्य संपादम् यद्येवं तदा कैवकथायज्ञादि लभ्यस्य सुखविशेषस्यावाप्तौ तस्माद्भक्तिर्याच्यते

હે અગ્નિદેવ! જ્ઞાન લક્ષણવાળા, મોક્ષ સ્વરૂપી, મોટા ધનને પ્રાપ્ત કરવા માટે આપને પ્રગટ કરીએ છીએ. હે મનોરથોને વર્ષાવનાર! અમારા ઉપર, ભગવદ્ ભક્તિ વિગેરે સદ્‌ગુણોનો અનુગ્રહ કરો. પૃથ્વી અને સ્વર્ગ સંબંધી મહાન યજ્ઞ સારૂ આપને ભજીએ છીએ.

તા. ક. આકાશમાં સૂર્ય, અંતરિક્ષમાં વાયુ ને પૃથ્વીમાં અગ્નિ એ ત્રણ સ્વરૂપમાં પ્રકાશમાન દેવ છે ને તે દરેક પ્રભુનું જ સ્વરૂપ છે. આંતરરાષ્ટ્ર સ્વરૂપ પ્રભુનું સમષ્ટિરૂપ છે. અમારામાં આપને માટે ભક્તિ વિકસાવો (વધારો), જેથી અમો સદ્‌ગુણી બનીએ; ને તે યજ્ઞયાગાદિથી અલભ્ય અને કેવળ ભક્તિથી સુલભ નિરતિશય સુખ, અમને આપના ભક્ત બનાવીને આપો.

द्वितीयः प्रपाठकः

सोमः पूषा च चेततुर्विश्वासां सुक्षितीनाम्।
देवत्रा रथ्योर्हिता ॥१॥

प्र २. अ २. द ६. मं १० ईशोक्तिः

अयि मर्त्याः। (**विश्वासां**) सर्वासां (**सुक्षितीनां**) शोभनाः क्षितयः प्रजाः क्षियन्ति निवसन्तीति व्युत्पत्तेः "कर्तरिक्तिच्" तासां सर्वेषां युष्माकं सज्जनानामिति यावत् (**सोमः**) रेचकः (**पूषा**) सूर्यः पूरकः।

द्विविधो हि प्राणायामः (**चेततुः**) चेततां निष्प्रत्यूहमात्मलाभं लभेतां— कीदशौ तावित्याकांक्षायामाह (**देवत्रा**) देवेषु सर्वेन्द्रियेषु मध्ये (**रथ्योः**) रथ्ययोः घ्राणेन्द्रिय वीथिकयोर्द्वयोर्नासा छिद्रयोः वर्तमान इति शेषः (**हिता**) हितयोः शान्तिद्वारयोश्छिद्रविशेषणमेतत् यद्वा (**हिता**) हितौ कल्याण-कारिणौ शान्तिप्रदौ पूरकरेचकाविति बोध्यम् (**रथ्यः**) रथःशरीरं तत्र-भवः (**अहिता**) प्रशस्तः आरोढावेति सायणः

હે મનુષ્યો ! સોમ (ચંદ્ર) એટલે રેચક, અને પૂષા (સૂર્ય) એટલે પૂરક એ બે પ્રકારના પ્રાણાયામોનો નિર્વિઘ્ને આત્મલાભ મેળવો; તે બન્ને પ્રાણાયામો જે નાસિકાની નળીઓના માર્ગમાં રહેલ છે તે સારી પ્રજાઓને હીતાવહ (કલ્યાણકારી) નીવડો.

येते पन्था अधो दिवो येभिर्व्यश्वमैरयः ।
उतश्रोषन्तु नो भुवः ॥१०॥

प्र २. अ ३. द ८. मं २. जीवोक्तिः

(**ये**) भवदुपदिष्टाः (**पन्थाः**) पन्थानः रेचकादि प्राणायाममार्गाः (**दिवः**) द्युलोकवत्सर्वोपरि वर्तमानस्य तत्स्थानीयस्य वा मूर्ध्नः (**अधः**) अधस्तात् नासादेशवर्तिनः सन्तीति शेषः (**येभिः**) यैः (**व्यश्वम्**) विश्वं समस्तं शान्त्यादि सुखं (**ऐरयः**) ईरयसि कथयसि कर्मफल भोक्तॄन्मर्त्या-नुपदिशसि (**ते**) निर्दिष्टं पूर्वं मार्गा अस्माभिर्लभ्यन्तामिति शेषः (**उत**) अपि (**नः**) अस्माकं भवन्तीति (**भुवः**) सन्ततयः—श्रोषन्तु श्रद्धापुरः सरं तान्मार्गान् शृणवन्तु ।

જે માર્ગો ઉપર ને નીચેના છે. ને જેનાથી સુખ થાય છે એમ કહો છો તે અમોને પ્રાપ્ત થાઓ ને તે અમારા બનો.

આપે ઉપદેશેલા, રેચક વિગેરે પ્રાણાયામના શીર અને નાસિ-કાના જે માર્ગો છે અને જેનાથી શાંતિ આદિ સુખ મળતું જણાવો છો; તે માર્ગો અમે મેળવીએ અને તે કાયમ માટે અમારા બની રહે. તેમજ અમારી સંતતિઓ પણ તે માર્ગો મેળવે.

दोषो आगाद्बृहद्गाय द्युमद्गामन्नाथर्वण।
स्तुहि देवं सवितारम् ॥११॥

प्र २. अ २. द ९. मं ३. ईशोक्तिः

(**बृहद्गाय**) बृहतो महतः परमात्मनोममगायस्तोतः। (**द्युमन्तम्**) दीप्तिमन्तम् मां। गच्छत्यागच्छति इति द्युमद्गामा। तथाविध। (**आथर्वण**) शत्रु बुद्धया कस्यचिदहिंसक। किंवा अथर्णवस्तदुपलक्षितस्य वेद चतुष्टयस्य अयम् भक्तः इत्याथर्वणो वेदभक्तंस्तत्सम्बोधने भो आथर्वण वेद भक्त। (**दोषः**) मत्प्राप्ति निमित्ते प्राणायामे कश्चिद् प्रतिबन्धक (**आगात्**) आगच्छति चेत्तदा मागलासीः किं तर्हि। (**देवं**) द्योतमानं मां इश्वरं (**स्तुहि**) प्रशंस। तत स विघ्नः सपदि शाम्येत्। अपि वा आथर्वणोऽपत्य आथर्वण ऋषिः स्वात्मानं सम्बोध्य ब्रूते। त्वं। बृहत् सर्वोत्तमं। ब्रह्मगाय कीर्तय। द्युमद्गामन् दीप्तागमन। (**गाम्न**) गायक द्युमत्प्रकाशमानं ब्रह्म इति वा। पुनः कर्म विशनष्टि। (**सवितारं**) सर्व प्रेरकं। वैयधिकरणेन तद्विशेषणमाह। दोषः दूषयति तमो निवारयति। दुनोत्युपतर्पाति वा रक्षांसि। स सविता, आगात् आगच्छति समन्तात गच्छति जगद्व्याप्नोति स्तुहि इति पुनर्वचनमादरार्थम्।

હે મહાન્ પ્રભુના સ્તવન કરનારા પ્રકાશમાન, વેદભક્તો! મને પ્રાપ્ત કરવામાં કારણભુત પ્રાણાયમ આદિમાં કંઈ પણ વિઘ્ન આવે તો પ્રકાશમાન સૂર્યરૂપ ઈશ્વિરની મારી પ્રાર્થના કરો.

બૃહત=સર્વોત્તમ, દ્યુમત=પ્રકાશના બ્રહ્મ તરફ, દોષ=તમઃ અંધકાર. =ખામી. અંધકાર રૂપી અજ્ઞાનના નાશ કરનાર દેવ જ્ઞાનરૂપી સૂર્ય છે. તેથી તે જ્ઞાનરૂપ સૂર્યની પ્રાર્થના બતાવે છે.

क इमन्नाहुषीष्वा इन्द्रं सोमस्य तर्पयात्।
स नो वसून्याभरात् ॥१२॥

प्र २. अ २. द १०. मं ६. जीवोक्तिः

(**इमं**) योगिप्रत्यक्षं स्वात्मतयाऽपरोक्षं वा (**इन्द्रं**) परमैश्वर्यं युक्तं परमेश्वरं (**सोमस्य**) सोमेन भक्तिरसेन वा (**नाहुषीषु**) नहुषो मनुष्यः तत्सम्बन्धिनीषु मानवीषु प्रजासु मध्ये (**कः**) पुरुषः (**आ**) समन्तात् (**तर्पयात्**) तर्पयति प्रसादयति (**स**) अशक्य तर्पणः परमात्मा (**नः**) अस्माकं (**वसूनि**) समाधि तत्साधनरूपाणि धनानि (**आभरात्**) आभरत् आहरत् । आहरेत् सम्पादयेदित्यर्थः नहुषा मनुष्याः । नह बन्धने (**दि० उ०**) औणादिक उस प्रत्ययः नह्यन्ते पूर्वकृतैः कर्मभिः नह्यन्ति वाऽन्यमिति देवराजः

આ યોગીઓને પ્રત્યક્ષ, ઐશ્વર્ય યુક્ત પરમેશ્વરને ભક્તિરૂપ સોમ રસથી બધી રીતે પ્રસન્ન કરનાર મનુષ્ય દુર્લભ છે તે પરમાત્મા અમારાં સમાધિ સંબંધી, સાધન રૂપી ધનોને સંપાદન કરે.

तृतीयः प्रपाठकः

सदा व इन्द्रश्चर्कृषदा उपो नु स सपर्यन् ।
नः देवो वृतः शूर इन्द्रः ॥१३॥

प्र ३. अ १. द १. मं ३. ईशोक्तिः

भो मनुष्या ! (**इन्द्रः**) देवराजः तदात्मनावस्थितः परमात्मा (**सदा**) सर्वदा (**वः**) युष्मान् (**आचर्कृषत्**) आकृषत् आकुरुते युष्मासु करुणां कर्तुमभिलष्यतीति यावत्—तर्हि को विलम्बः इत्याशङ्क्याह उपेति (**सपर्यन्**) सपर्यति पूजयति य इति शेषः (**स**) पुरुषः (**नु**) निश्चितं (**उप**) उपगच्छति तत्समीपं व्रजति तदीय करुणास्पदं भवति कृपाभावे पूजाऽभावः एव कारणं तस्मात् भगवन्तं प्रसादयितुं तदीया अर्चा विधेयेति भावः । पूजायां कृतायां (**देवः**) द्योतमानः (**इन्द्रः**) ईश्वरः (**वृतः**) सम्भक्तः सेवितः (**न शूरः**) हिंसको न भवति अवश्यं दयते (**नः शूरः**) इति पाठे नोऽस्माकं शूरः स्तम्भकः संसार दुःखार्णव निपात रोधकः रक्षकः इति

यावत् अपि वा शूरो विक्रान्तः इन्द्र ईश्वरवृतः सेवितः सन् नः अस्माकं अस्मदीयानां युष्माकं पुंसां (**देवः**) स्वामी तद्वदनुगृह्णातीति भावः भो मनुष्याः ईश्वरो ननिसर्गनिष्ठुर अपि तु सदैव युष्मासु पुत्रेषु पितेव दयां चिकीर्षति केवलं यूयमपनीताहंकृतयः प्रदर्शितदृढभक्तयस्तम्प्रपद्यन्तां ततो निश्चिन्वन्तु वयं देवेन कृपाभाजनतां नीता इतीति भावः शूर हिंसने स्तम्भेच दि० आ० शूर विक्रांत्रौ चु० उ० ततः पचाद्यच्

અરે મનુષ્યો આત્મા વિષે રહેલા પરમાત્મા રૂપી દેવરાજ ઇન્દ્ર હમેશાં તમારૂં ભલુ કરવાની અભિલાષા રાખે છે તે પુરૂષ પાસે જાય છે તે દેવ ઇન્દ્ર, પૂજાથી પ્રસન્ન કરવાથી તમારો હિંસક બનતો નથી.

ભગવાનને પ્રસન્ન કરવા માટે તેની પૂજા કરવી. પૂજા કરેથી તે દેદીપ્યમાન ઇશ્વર જરૂર મનુષ્યો પર દયા કરેજ કરે, સંસાર રૂપી દુ;ખના સાગરમાં તે મનુષ્યનો રક્ષક બને છે ને કૃપા બતાવે છે. અરે મનુષ્યો ઇશ્વર સ્વભાવથી નિષ્ઠુર નથી. અને પિતા પુત્ર પર દયા કરે તેમ તમારા ઉપર દયા કરે છેજ; ફક્ત અહંકારને તજી દૃઢ ભક્તિથી પ્રભુને સેવો તો તેની કૃપાનું તમે અવશ્ય પાત્ર બનશો.

इमे त इन्द्र सोमाः सुतासो ये च सोत्वाः ।
तेषां मत्स्व प्रभूवसो ॥१४॥

प्र ३. अ १. द २. मं ९. जीबोक्तिः

(**इन्द्र**) परमात्मन् । (**इमे**) भवन्निदेशानुरूपं योगमभ्यस्यन्तः (**सोमाः**) सोम्याः शान्तमूर्त्तयस्त्वत्सेवकाः (सुतासः) सुताः निष्पीडिता लक्षणया तपश्चरणलक्षणनिष्पीडनेन भवद्दर्शनार्हाः संपन्नाः (**येच**) तेभ्योऽन्येऽवशिष्टाः (**सोत्वाः**) सोतव्या निष्पीडनीयाः तपश्चरणादिना निष्पीडनेन भवद्दर्शन योग्या निष्पादयाः (**तेषां**) निष्पन्नानां निष्पाद्यानां च कृते (**मत्स्व**) प्रसीद (**प्रभूवसो**) प्रभूतधनयुक्तसम्बोध्य विशेषणाम्

હે ઇન્દ્ર પરમાત્મન્ આપની આજ્ઞા રૂપ, યોગનો અભ્યાસ કર્તા શાન્ત મૂર્તિવાળા આપના સેવકો તપશ્ચરણ રૂપી પીડાથી આપના

દર્શન યોગ્ય બનેલા છે તે બધાને માટે હે પુષ્કળ ધનવાળા પ્રભુ આપ પ્રસન્ન થાઓ.

अरं त इन्द्र श्रवसे गमेमशूरत्वावतः ।
अरंशक्रपरेमणि ॥१८॥

प्र ३. अ १. द २. मं ६. जीवोक्तिः

(**इन्द्र**) निरङ्कुशैश्वर्यसम्पन्न (**ते**) तव (**श्रवसे**) श्रूयते इति श्रवः श्रवणीयं उपदेशामृतं तस्मै तदाकर्णयितुं (**गमेम**) गच्छेम प्रवृत्तः स्याम (**शूर**) वीरसकलपरिपन्थिहिंसक वावनन्ति संभजन्ति ते (**वतः**) भक्ताः वनेक्विपि तुक् (**त्वा**) त्वां गमेमेत्यनुसङ्गः त्वद् भक्तिमन्तः

स्यामेति भावः । अपि वा (**त्वावतः**) त्वत्सदृशस्य देवान्तरस्यापि (**श्रवसे**) श्रवणीयोपदेशाय गमेमेत्यन्वयः त्वदुपदेश वदन्यस्यापिमहानुभावस्य उपदेश श्रवणे मत्प्रवृत्तिः स्यादिति भावः । (**शक्र**) शोकरहित, शक्तिसमन्वित वा (**परेमणि**) परस्यभावः परेमा तस्मिन् (**अरम्**) अलं अत्यर्थं गमेम अविद्यां ब्रह्मसाक्षात्कारेणावधूय सच्चिदानंदाखंड ब्रह्मात्मना तिष्टेम । (**परेमणि**) प्रेमणि भगवत्प्रणये तद्दर्शनैकद्वारे गमेम तत्प्रेम निमग्नाः स्यामे इति वा ॥

નિરંકુશ ઐશ્વર્ય સંપન્ન હે ઇન્દ્ર આપનાં ઉપદેશામૃત સાંભળવા આપની પાસે આવીએ છીએ, હે શૂરા—સઘળાં વિઘ્નોના નાશ કરનાર આપને ભક્તિ સારૂ મળીએ (આપના ભક્ત બનીએ) અથવા આપના સમાન દેવના સાંભળવા લાયક ઉપદેશમાં અમારી પ્રવૃતિ હો. હે શક્ર —શોક રહિત—શક્તિ યુક્ત પ્રભુ પરબ્રહ્મના પ્રેમમાં અમો અત્યંત ગમન કરીએ. અવિદ્યાને બ્રહ્મ સાક્ષાત્કારથી દૂર કરી સચ્ચિદાનંદ અખંડ બ્રહ્મભાવ વડે ઉભા રહીએ. પરેમણિ—ભગવદ્ પ્રેમમાં ને તેના દર્શનમાં એકતાથી જઇએ, પ્રભુ પ્રેમમાં નિમગ્ન બનીએ.

कदुमचेतसे महेवचो देवाय शस्यते।
तदित्ह्यस्य वर्धनम् ॥१६॥

प्र ३. अ १. द ४. मं २. जीवोक्तिः

(**महे**) महते (**प्रचेतसे**) प्रकृष्टबोधाय (**देवाय**) द्योतमानाय दीप्यमानायेन्द्राय (**कत्**) व्याकरणादि नियमोल्लङ्घनेन प्रयुक्ततया अल्पतया वा कुत्सितं (**वचः**) स्तुतिवचनं (**शस्यते**) प्रशस्तं भवति स्वसमक्षोपस्थापितस्यास्मदीयस्तुतिवचसः अल्पत्वादि दोषेण दुष्टस्यापि श्रवणेन सञ्जात हर्षो देवोऽनुगृह्णात्विितिभावः तमेव विवृणोति तदिति (**तदित्**) तदेव (**अस्य**) देवस्य (**वर्धनम्**) प्रीतेरिति शेषः (**हि**) निश्चये अस्मत्प्रयुक्तं स्तोत्रं स्वल्पमपि भगवत्प्रसादकारणं भविष्यनीत्यस्माकं दृढप्रत्यय इतिभावः

મહાન અને પ્રકૃષ્ટ બોધવાળા દેદીપ્યમાન ઇન્દ્ર પરમાત્મન્ વ્યાકરણના નિયમ બહાર ગએલું વાક્ય પણ પૂર્ણ સ્તુતિ રૂપ છે. આપની સમક્ષ ઉભા રહેલા અમારાં પ્રાર્થના વાક્યો અલ્પત્વ વિગેરે દોષવાળાં છતાં તે સાંભળી, હર્ષ પામી, દેવ પરમાત્મા સ્વરૂપ અમારા ઉપર કૃપા કરે છે. ખરેખર તે ચોક્કસજ આ દેવની પ્રીતિને વધારનાર છે. અમારૂં પ્રાર્થના સ્તોત્ર સ્વલ્પ છતાં પણ પ્રભુની પ્રસાદીનું પાત્ર બનશેજ એવો અમારો દૃઢનિશ્ચય છે.

इन्द्र उकृथेभिर्मन्दिष्ठो वाजानां च वाजपतिः।
हरिवाँसुतानां सखा ॥१७॥

प्र ३. अ १. द ४. मं ४. जीवोक्तिः

(**इन्द्रः**) जगदीश्वरः (**उकृथेभिः**) उकृथैः स्तुति वचनैः (**मन्दिष्ठः**) हृष्टतमो भवतु। अपि च (**वाजानां**) अन्नानां तत्सम्पन्नानां राष्ट्राणां (**वाजपतिः**) राष्ट्रपती राजा (**हरिवान्**) हरिरश्वस्तदुपलक्षित गवाश्वादि पशुसंघस्तद्वान् (**सुतानां**) पुत्राणामस्माकं (**सखा**) प्रीतिकरश्च भवतु अहं राष्ट्रादिपतिः स्यामेति वा तत्रः स्तुति प्रसन्नचेताः प्रभुमां राष्ट्रादिपति

विधत्तामिति भावः वाजः वजगतौ भू० प० तस्मात्करणे घञ् वजति चित्तशुद्धिं लभते भुक्तेतानेन भोक्ता स वाजोऽन्नामिति देवराजा तस्मिन्वाजशब्देनराष्ट्रं लक्ष्यते वजन्ति यतस्ततो भ्रमन्ति जना यस्मिन् इत्यधिकरण घञा निष्पन्नो वाजशब्दः साक्षादेव राष्ट्रमभिधत्त

હે જગદીશ્વર સ્તુતિ વચનોથી આપ હર્ષ પામો, અન્ન અને તે સંપન્ન રાષ્ટ્રોના પતિ ગાય અશ્વાદિ પશુસંઘવાળા અમો પુત્રોના, સખા એટલે પ્રીતિ કરનાર બનો. સ્તુતિથી પ્રસન્ન થયેલા પ્રભુ અમોને રાષ્ટ્રપતિ બનાવો. જે જમવાથી ચિત્ત શુદ્ધિ થાય એ વાજ=અન્ન. લક્ષણાર્થ રાષ્ટ્ર થાય છે જેની અંદર લોકો અહિં તહિં જાય તે પણ રાષ્ટ્ર.

आयाह्युप नः सुतं वाजेभिर्मा हृणीयथाः ।
महाँ इव युवजानिः ॥१८॥

प्र ३ अ १. द ४. मं ५. जीवोक्तिः

अयि परमपित जगदीश्वर (**नः**) अस्माकं (**सुतं**) अभिषुतं स्नातं शुद्धं, स्नपितं शोधितं वा अष्टांगयोगानुष्ठानात्क्षीणरागादिमलं समाहित हृदयं (**वाजेभिः**) वलैः सर्वाभिः शक्तिभिः सह (**उपायाहि**) उपागच्छ समाहितऽस्मच्चेतस्युपस्थितो भव (**माहृणीयथाः**) क्रुद्धो मा भूः कोधेन न माऽस्मानवज्ञासीः—हृणीयते क्रुद्ध्यति हृणीङ् रोषणे वैमनस्ये च कण्ड्वादिः । इति देवराजः । लज्जायां चेति कौमुदी कीदृश ईश्वरो (**युवजानिः**) युवतिः सदा यौवनोपेता प्रकृति र्जाया पत्नी यस्य तादृशः तत्र निदर्शनं (**महाँ इव**) सुतमित्यनुषङ्गः यथा महान सद्गुणोपेतः पिता युवजानिः तरुणीभार्य्यः सन्नपि तस्यामनासक्तत्वात्सुतं पुत्रं न तिरिस्करोति सद्वत् सद्गुण विरहितः पुमान् स्त्रीलम्पटत्वात् कुर्यादेव सुततिरिस्कारम्—यथेदानीं तना जना ऊढनव दारोहा मृतपत्न्यां समुत्पन्नं पुत्रं नाद्रियन्ते अत उक्तं महानिति प्रकृति हि विविधान मनोहरान् भावान् भावयन्ती भवार्णवे जंतून् निर्मामङ्क्षति तद्वशंवद श्चेदीश्वरः स्यात् कुतश्चेतसः समाधानं कुतस्तरां तत्र

भगवदुपस्थानं कुतस्तमां वा विवेकख्यात्या विमुक्तिः स तु युवजानित्वेपि तदनासक्तत्वात् तत्समीहितमवगणयन् स्वध्यान पूते भक्तस्वान्ते समुपस्थाय विवेकख्यातिमुत्पाद्य स्वभक्तान् संसारजलधेरुद्धरति पृथग् जनस्तु लम्पट-त्वात् स्वतरुण्या वशमानीतस्तदीयं निदेशमुल्लङ्घयितुं न क्षमते तथा च जीवस्य प्रकृतिवशवर्तित्वमीशस्य स्वातन्त्र्यं चायाति तदेव जीवादीशस्य वैचित्र्यमस्मिन्मन्त्रे भणितमिति शिवम्

અયિ પરમ પિતા પરમાત્મન્ અષ્ટાંગ યોગના અનુષ્ઠાનથી ક્ષીણ થયેલા રાગમળ વાળા અમારા ચિત્તમાં સર્વ શક્તિઓ સાથે આપ વાસ કરો અમારા ઉપર ક્રોધાયમાન થશો નહિ તરૂણ સ્ત્રીવાળો પિતા પુત્ર ઉપર ગુસ્સે થાય તેમ કરશો નહિ, પ્રકૃતિ પોતાના વિવિધ ગુણોને વિકસાવતી, જંતુઓને ડુબાડે છે. ભગવાન્ પાસે હોય તો વિવેક બુદ્ધિથી, મોક્ષ થાય છે. યુવાન સ્ત્રી વાળા પણ આસક્તિ રહિત, અને પોતાના ધ્યાનથો પવિત્ર માણસને સંસાર સાગરથી પ્રભુ તારે છે. વિષયલંપટ પ્રકૃતિના આધિન બને છે. જીવ પ્રકૃતિ વશ છે. ઇશ્વર પ્રકૃતિથી સ્વતંત્ર છે.

एन्द्र पृक्षु कासुचिन्नृमणं तनुषु धेहि नः।
सत्राजिदुग्र पौंस्यम् ॥१९॥

प्र ३. अ १. द ४. मं ९

इन्द्र ! (**पृक्षु**) पृक्तासु सम्बद्धासु—अधियोगमार्गं प्रवर्तमानासु समुन्नमन्तीषु (**कासुचित्**) कास्वपि (**तनूषु**) गात्रेषु (**नृमणम्**) योगबलम् (**आधेहि**) स्थापय यतो वयं (**सत्राजित**) सत्रैर्योगविशेषैराजीयते वशमानीयते तादृश परमात्मन् (**उग्र पौंस्यम्**)उग्रं उत्कटं प्रबलं सर्वोत्तमं पौंस्यम् पुंसेहितं परमपुरुषार्थं कैवल्याख्यं लभेमहीति शेषः (**नृमणम्**) नृषु मनुष्येषु मनो मानो यस्य तन्नृमणं मनुष्येषु सत्करणीयं बलं मनेर्भावे कः ततो नृ शब्देन बहुव्रीहिः नृभिर्मन्यते सत्क्रियते इति नृमणं कर्मणि कः अकारलोपश्छान्दसः। पूर्वपदात्संज्ञायामितिणत्वम् ॥

યોગ માર્ગમાં પ્રવર્તેલા કાર્ઇક શરીરમાં બળની સ્થાપના કરો. જેથી કરીને હે પ્રભુ સમસ્ત મનુષ્યોમાં સત્કાર યોગ્ય, યોગ બળથી મેળવવા યોગ્ય, ઉત્કટ બળને, પુરૂષાર્થને, કૈવલ્ય નામના મોક્ષને પ્રાપ્ત કરીએ.

यदा कदा च मीढुषे स्तोता जरेतमर्त्यः ।
आदिद्वन्देत वरुणं विपा गिरा धर्त्तारं विव्रतानाम् ॥२०॥

प्र ३. अ २. द १० मं ६. जीवोक्तिः

(**यदाकदा**) च यस्मिन् कस्मिँश्चित् काले (**मीढुषे**) स्वाभिलषित दात्रे परमात्मने तं प्रसादयितुं (**स्तोता**) स्तावकः सन् (**जरेत**) प्रशंसेत् (**आदित्**) अनन्तरमेव तदेत्यर्थः (**विव्रतानां**) विविध नियमानां(**धर्तारं**) धारकं जगन्नियन्तारम् (**वरुणं**) सर्वानिष्टवारकं वरणीयं संभजनीयं वा। तन्नामक देवात्मनावस्थितं परमात्मानं (**विपा**) मनसाप्रेर्यमाणया (**गिरा**) वाचा (**वंदेत**) नमस्कुर्यात् । न केवलं वाचा परमात्मानंस्तुवीत किं तर्हि शरीरेण नमस्कुर्यात् मनसा चिन्तयेच्चेति भावः विप् प्ररणे (चु० पर०) तस्मात् संपदादित्वात् क्विप् । मनसा प्रेर्यते या सा विप्, वाक्, तया सायणस्तु विपा विपया विशेषेणरक्षिकयेत्याह देवराजस्तु मदुक्तमेवार्थ मनुमनुते ।

કાઇ પણ વખતે મનુષ્ય, પોતાના અભિલાષોના પૂરકની ગુણ-ગાન કરનાર પ્રશંસા કરે પછી સર્વ અનિષ્ટ નાશ કરનારને મન વાણીને કર્મથી નમસ્કાર કરે પુરેપુરી રીતે પ્રાર્થના ઉપરાંત મન વાણીને કર્મથી પ્રભુનું ચિંતન કરે.

इम इन्द्र मदाय ते सोमाश्चिकित्र उक्थिनः ।
मधोः पपान उप नो गिरः शृणु रास्व स्तोत्राय गिर्वणः ॥२१॥

प्र ४. अ १. द १. मं २.

इन्द्र ! (उक्थिनः) उक्थं स्तुतिरभ्यर्थना वचेस्थः कित् संप्रसारणम् तद्वन्तः प्रार्थनां कुर्वन्त इतियावत् (सोमाः) सोमसदृशाः शान्तमूर्तयः

त्वत् सेवका इमे पुरोवर्तमानाः (चिकित्रे) ज्ञायन्ते, दृश्यन्ते कर्मणि लिट् "इरयो रे" इति रे भावः छन्दसि कालानियमः। कस्मै (मदाय) त्वत्स्वरूपानंदलाभाय त्वत्सेवकास्त्वां प्रार्थयमानाः त्वत्स्वरूपानंदाभिलाषिणस्त्वत् समक्षमुपतिष्ठन्त इतिभावः किं च (मधोः) ब्रह्मानंदस्य कर्मणि षष्ठी तं (पपानः) भृशमतिशयेन वा पाययन् (नो) अस्माकम् (गिरः) स्तुतिवचांसि (उपश्रृणु) सादरमाकर्णय (गिर्वणः) गीर्भिर्वननीय ! परमेश्वर ! (स्तोत्राय) स्तोत्रकाय प्रार्थकेभ्योऽस्मभ्यं एक त्वमविवक्षितम् (रास्व) अस्मदभिलाषितानि प्रयच्छ गीः शब्दोपपदात् वने रक्षणिति देवराजः

અયિ ઇન્દ્ર પ્રાર્થના કરનાર શાંત મૂર્તિ વાળા, આપના આગળ ઉભેલા આ સેવકો. દૃશ્યમાન આપના સ્વરૂપના આનંદને મેળવવા આપની સમક્ષ ખડા રહ્યા છે. બ્રહ્માનંદને પીનારાં અમારાં સ્તુતિ વચનો સાંભળો અને સ્તુતિ કરનારાની, અમારી અભિલાષાઓ પુરી કરો.

चतुर्थः प्रपाठकः

यदिन्द्र ! शासो अव्रतं च्यावया सदसस्परि ।
अस्माकमंशुं मघवन् पुरुस्पृहं वसव्ये अधिबर्हय ॥२२॥

प्र ४. अ १. द १ मं ६.

(इन्द्र !) (यत्) यस्मात् त्वं (शासः) शासकोऽसि शिक्षकः सत्पथप्रवर्तक इति यावत् तस्मात् (सदसः) अस्माकं मनोलक्षणात् गृहात् (परि) परितो वर्तमानं (अव्रतं) नियमविरुद्धं भवदादेशप्रतिकूलं भावं (च्यावय) निस्सार्य दूरीकुरु किं च (मघवन् !) धनान्वित। "मघमिति धननाम" इति निरुक्तम्। (अस्माकं) अस्मदीयम् (पुरुस्पृहम्) भवतो अधिकाकांक्षिणं त्वयि प्रीतिमन्तं (अंशुं) किरणं तद्वत् वस्तुप्रकाशकं मनः। अथवा अंशुपदेन अंशुमांश्चन्द्रो लक्ष्यते यष्टीःप्रवेशय इत्यत्रयष्टिपदेन यष्टिधर इव। तेन तदधिष्ठितं मदीयं मनः चन्द्रमा हि मनसोऽधिपतिरिति शास्त्रवित्समयः। (वसव्ये) वस्तव्ये निवासार्हे हृत्पु-

ण्डरीके (अधि) अधिकं अध्यधिकं (बर्हय) वर्धय सद्भावैः पोषय । अस्माकं मनःसद्मनात् दुर्भावानुत्सार्य सद्भावांस्तस्मिन् स्थापयेति भावः।

હે ઇન્દ્ર આપ અમારા શાસક શિક્ષક છો. સારા માર્ગમાં દોરનાર છો. આમરા મનમાંના નિયમ વિરૂદ્ધ ભાવને દૂર કરો. હે ધનવાન ઇન્દ્ર ? આપની અધિક અકાંક્ષા વાળા કિરણવત્ પ્રકાશતા, વાસો કરવા યોગ્ય મનને સારા ભાવથી આપ પોષણ કરો.

ખરાબ ભાવને અમારા અંતઃકરણમાંથી દૂર કરી સારા ભાવને તેમાં સ્થાપો.

त्वष्टानो दैव्यं वचः पर्जन्यो ब्रह्मणस्पतिः ।
पुत्रैर्भातृभिरदिति र्नु पातु नो दुष्टरं त्रामणं वचः ॥२३॥

प्र ४. अ १. द १. मं ७.

(**त्वष्टा**) रूपाभिमानीदेवविशेषः (**पर्जन्यः**) मेघाभिमानी देवविशेषः (**ब्रह्मणस्पतिः**) मन्त्राधिष्ठातृदेवविशेषः। सर्वदेवात्मकः परमात्मा इति यावत् अपि वा सौन्दर्यस्वामी समाधौ पीयूषवर्षकः ब्रह्मणो ब्रह्माण्डस्य पतिः पालकः परमात्मा भवान् (**नो**) अस्माकं (**दैव्यं**) दिव्यं स्वार्थिकोऽण, अलौकिकम् (**वचः**) वचनं शृणोतु इतिशेषः यद्वा, (**पातु**) रक्षतु सादरमाकर्ण्य तदनुरूपं कार्यं करोतु वाञ्छितमस्मभ्यं प्रयच्छतु। (**नु**) कदाचित् (**अदिति**) अत्ति सर्वभक्षिका अत्तेः कर्तरि क्विप् छान्दस इडागमः (**पुत्रैः**) पुरुत्रैरन्तरंगैर्धारणादिभिस्त्रीभिर्योगाङ्गैः (**भ्रातृभिः**) भ्राजमानैर्बहिरङ्गैर्यमादिभिः पंचभिः साधनैः सह (**ना**) न (**पातु**) पिबतु पानीयमिवास्मान् न पिबेदित्यर्थः लुक्छान्दसः अतो (**दुष्टरं**) दुष्प्रापं भवत्सकाशे महतायासेन शक्य प्रेषणं (**त्रामणं**) रक्षणोपेतं त्रायस्व त्रायस्वेत्याकारकं (**वचः**) प्रार्थना वाक्यं प्रयुज्यतेऽस्माभिरिति शेषः

રૂપના અભિમાની દેવ ત્વષ્ટા, મેઘના અધિષ્ઠાતા દેવ પર્જન્ય, મંત્રના અધિષ્ઠાતા દેવ બ્રહ્મણસ્પતિ અમારૂં અલૌકિક સ્તવન સાંભળો ને રક્ષણ કરો ને અમારી ઇચ્છિત વસ્તુઓ આપો. પરમાત્મા ! આપની

વિષ સંહારકારિણી શક્તિ અમારા પુત્રો ધારણા ધ્યાન સમાધિ તથા યમ નિયમ આદિ ભાઇઓનું અંતરંગ અને બહિરંગ સાધન સાથે અમારૂં પાન ન કરે. એટલે અમારો યોગ ધારણા ધ્યાન સાથે નિર્વિઘ્ન થાય, તે સાથે અમારૂં વચન આપની પાસે આવે એટલે કે અમારી પ્રાર્થના આપ સ્વીકારો.

कुष्ठः को वामश्विना तपानो देवामर्त्यः ।
घ्नता वामश्वया क्षयमाणोंऽशुनेत्थमु आद्वन्यथा ॥२४॥

प्र ४ अ १. द २. मं ३. ईशोक्तिः

(**वाम्**) वान्ति गच्छन्ति योगाभ्यासेनात्मतत्त्वं कुत्सयन्ते वा सांसारिकपदार्थान् ये ते वाः । योगाभ्यासिनो वैराग्यभाजश्च तेषां मध्ये (**कः**) कश्चित् (**मर्त्यः**) मरणधर्मा मनुष्यः (**कुष्ठः**) क्व स्थितः कु–पृथिवी तस्यां स्थितो वा (**अश्विनौ**) अश्वा–"इन्द्रयाणि हयानाहुरिति कठश्रुतेः" तद्वन्तौ तदध्यक्षौ (**देवा**) देवौ द्योतमानौ प्राणापानौ (**तपानः**) योगाभ्यासाग्निना तापयन् अवरुन्धन् कुंभकं कुर्वाण इति यावत् शाम्यति इति शेषः जात वैराग्याणां योगमभ्यस्यतां भवतां मत्प्रणिधानेन निराकृताखिलान्तरायः पुमान् यः कुम्भकेन यो मनः शमयति स विरल एव न पुनः सर्वस्तथेति भावः (**घ्नता**) कुम्भकेन शान्तिं व्रजता कुम्भकप्रभावेनशान्तीभूय परमात्मानमभिगच्छता वा हन्तिरत्र गतिकर्मा (**अंशुना**) अंशुमता चन्द्रेण तदधिष्ठितेन मनसा तन्त्वादि सुक्ष्मांशवदनुपरिमाणेन वेगवता प्रभावता वा अंशुः किरणे वेगे प्रभायां सूत्रादिसूक्ष्मांशेचेति शब्दस्तोमः (**वाम्**) वाति गच्छति संसृतिमनया वायते कुत्स्यते शास्त्रविद्भिर्वा या सा वा दुर्वासना तां जगतः समस्तामशुभवासनां (**क्षयमाणः**) क्षपन् क्षपयन् नाशयन् (**इत्थमु**) ईदृश एव भवति परानन्दे निमज्जति इति यावत्–तत्रदृष्टान्तः (**अश्वया**) अश्वा या बुभुक्षा तया तद्वान् गृह्यते तथा च बुभुक्षुः क्षुत्पीडितः–(**आद्वन्**) आद्वान्–अन्नवान् आस्वादितविविधान्नरसः

प्रसीदति निरतिशयानन्दं लभते यथा तद्वत् यथाकश्चित् क्षुधा दुःख मसहमानः प्राप्तविविधसरसभोजनः परांकाष्ठामानन्दस्य व्रजति तथा कुम्भक प्राणायाम वशीकृत स्वान्तः समस्तामशुभवासनां जगतो विधूय परे [illegible]दे सुतरां रमते योगी स च जगति दुर्लभ इति भावः

હે મનુષ્યો યોગાભ્યાસથી આત્મતત્વ તરફ જનાર વિરાગીઓ-માંથી કોઈ મનુષ્ય પૃથ્વી ઉપર રહેલો ઇન્દ્રિયોરૂપી અશ્વવાળા એના અધિષ્ઠાતા પ્રકાશમાન પ્રાણને અપાનને યોગાભ્યાસના અગ્નિથી તપાવતો તેમને રોકીને કુંભક કરતો શાંતિ પામે છે. ને કુંભકથી શાંત થઇને પરમાત્મા પ્રતિ જતા ચંદ્ર વડે—ચંદ્રથી અધિષ્ઠિત મનવડે—જેનાથી ગતિ થાય છે તેવી સંસૃતિ કહો કે સમસ્ત જગત્‌ની અશુભ વાસના સ્વરૂપી દુર્વાસનાને નાશ કરતો આ પ્રમાણેનો જ બને છે. એટલેકે પરમાનંદમાં ગરકાવ બને છે. જેવી રીતથી ભૂખ્યો માણસ વિવિધ પ્રકરાનાં અન્ન ખાઇને આનંદિત થાય છે.

ઉત્પન્ન વૈરાગ્યને, યોગને સેવનાર, ઇશ્વિર પ્રણિધાનથી સર્વ ભેદને દૂર ફેંકી દેનાર જે પુરૂષ કુંભકથી મનને શાંત કરે છે તે વિરલ આત્મા છે, એટલુંજ બસ નથી પરંતુ દુર્વાસનાના નાશથી અત્યંત આનંદ પ્રાપ્ત કરે છે. જેવી રીતથી ક્ષુધાના દુઃખને નહિ સહન કરનાર વિવિધ પ્રકારનાં સરસ ભોજન મેળવતાંજ આનંદની પરાકાષ્ઠાને અનુભવે છે તેવિ રીતથી. કુંભક પ્રાણાયામથી અંતઃકરણને વશ કરનાર જગત્‌ની સમસ્ત અશુભ વાસનાઓને દૂર નાંખીને ઉત્કૃષ્ટ આત્માના આનંદમાં સારી રીતે રમે છે આવા યોગી જગતમાં દુર્લભછે.

ब्रह्मजज्ञानं प्रथमं पुरस्ताद्विसीमतः सुरुचो वेन आवः ।
सुबुध्न्या उपमा अस्य विष्ठाः सतश्च योनिमसतश्चविवः ॥२५॥

प्र ४. अ १. द ३ मं. ९ ईशोक्तिः

भो विवेकिनो जनाः (ब्रह्म) बृहदीश्वरः (जज्ञानं) सर्वस्यविज्ञातृ सर्वार्थदर्शि (प्रथमं) प्रथमोत्पन्नं ज्येष्ठं सर्वस्मात्प्रथमं सर्वोत्कृष्टं वा अस्तीति

शेषः (वेनः) मेधावी सृष्टि निर्माणकुशलः स परमात्मा (विसीमतः) सीमानं विहाय वर्तमानान् असंख्यातान् (सुरुचः) सुरोचमानान् दिव्यान् मनोहरान् शोभनकान्तियुक्तान् भूयसः पदार्थान् (व्यावः) विवृतवान् आविर्भावयामास (पुरस्तात्) सर्वकार्यानुष्ठानात्प्राक्तं ध्यायेत इति शेषः पुनस्तद्विशिनष्टि (बुध्न्या) बुध्नोऽन्तरिक्षं द्यौर्वा तत्र भवादिशा (उपमा) उप समीपे मन्ति भूतानि यासु ता सावकाशाः भूतसहिता दिशा इति यावत् (विष्ठाः) व्यवस्थापितवान् अपि वा अस्य भूलोकस्य (उपमा) सदृशा (बुध्न्या) दिव्यन्तरिक्षे च वर्तमाना लोकाः (विष्ठाः) विवृताः वेनेतिशेषः (सतश्च) विद्यमानस्य मूर्तस्य घटपटादेर्वा (असतश्च) अविद्यमानस्य अतीतादेरमूर्तस्य वाय्वादेर्वा (योनिम्) प्रकृतिं जडतया स्वतोऽशक्यपरिणामां स्व सन्निधानेन संकल्पमात्रेण वा (विवः) विवृतां परिणतामकरोत् ।

સર્વને જાણનાર જ્યેષ્ઠ, ને સર્વથી ઉત્કૃષ્ટ, સૃષ્ટિને ઉત્પન્ન કરનાર પ્રભુએ સીમાને ઓળંગીને દિવ્ય ને મનોહર આકૃતિ ને તેજ વાળા પદાર્થોમાં સૌથી પહેલે જ ઉત્પન્ન કરેલું છે. તે બ્રહ્મનું બધાં કાર્યોની પહેલાંજ ધ્યાન કરે છે. જે બ્રહ્મ પ્રાણીઓ સહિત દિશાઓને અને દિવ્યને અંતરિક્ષની વચ્ચે રહેલા તમામ લોકોને ધારણ કરેલા છે. ઘટપટાદિ મૂર્તિમંત સન્ અને અસત્ એટલે મૂર્ત સ્વરૂપ રહિત વાયુ આદિ તેમાં પ્રકૃતિ પોતે જડ અને શુન્ય પરિણામ વાળી હોવાથી પોતાનું સન્નિધાન કરીને સંકલ્પ માત્રથી બ્રહ્મ સર્વ પ્રગટાવી રહેલું છે. અર્થાત્ પ્રકૃતિ મૂર્ત અમૂર્ત, દૃશ્ય અદૃશ્ય વિશ્વની રચના પરમાત્માના સંકલ્પની સહાયતાથી કરે છે.

मेडिम्न त्वा वज्रिणं भृष्टिमन्तं पुरुधस्मानं वृषभं स्थिरप्स्नुम् ।
करोष्यर्यस्त रुषीर्दुवस्युरिन्द्र द्युक्षं वृत्रहणं गृणीषे ॥२६॥

प्र ४. अ १. द ४. मं ५. जीवोक्तिः

(इन्द्र) सर्वस्वामिन् (तरुषीः) तारकान् चेतः सरसितरतः प्रतिक्ष-

णमुत्पद्यमानान् (**अर्य्यः**) अरीन् कामादिसपत्नान् (**करोषि**) उपक्षीणान् इति शेषः विनाशयसीत्यर्थः यद्वा (**अर्य्यः**) अरेः कामादिशत्रोः (**तरुषी**) तारकान् विजेतॄन् अस्मान् करोषि विदधासि यतस्तस्मात् (**त्वा**) त्वां (**दुवस्युः**) दुवः परिचरणं भवत्करुणालक्षणं तदिच्छुः त्वत्कृपाभिलाषी अहं (**गृणीषे**) स्तौमि तत्र दृष्टान्तः (**मेडिंन**) मेलिं–वाचं वृष्टिप्रदामिव यथा वृष्टिकामा वर्षणाय वृष्टिप्रदं गर्जितशब्दं तदभिमानिनीं देवतां वा प्रशंसन्ति तद्वत् अपि वा सर्वेषां स्थावराणां जंगमानां च (**मेडिं**) वाचं (**न**) इव अहं (**गृणीषे**) गृणे स्तौमि यथा सर्वे स्थावरा जंगमा वा शब्द विशेष व्याजेन भावत्कमद्भुतगुणकीर्तनं कुर्वते तथा अहं भवद्गुण कलापं व्याहरामि इति भावः कीदृशं त्वां (**वज्रिणं**) शत्रुवधसाधनोपेतं शासकम् (**भृष्टिमन्तं**) शत्रूणां भञ्जकमुत्सादकं संहारकमधः पातकं वा (**पुरुधस्मानं**) पुरुधर्माणं–रेफस्य सकारश्छान्दसः पुरूणां बहूनां धर्मानं धारकं पालकं (**वृषभं**) वर्षकं रेतःसेचकं लक्षणयोत्पादककर्मफलप्रदातारं वा (**स्थिरप्स्नुम्**) अप्रच्युतरूपं स्थिराणां बलवर्धकानां नवनीतादीनां बद्धमूलानां परिपन्थीनां भक्षकं वा (**द्युक्षं**) दिवि द्योतमाने दिव्ये सुजनानां हृदये निवसन्तं (**वृत्रहणं**) वृत्रस्य चित्तावस्थितस्याज्ञानस्य ऋतंभराख्यसमाधि प्रज्ञोत्पादेन ब्रह्मसाक्षात्कारोत्पादेनवा हन्तारं घातकं मेडिं मिलसंश्लेषणे तु० प० तस्मादिन् मिलति अर्थेन सम्पृक्ता भवति मेलिर्वाक्–डलयोरभेदः वज्रिणं वर्जेर्हिंसाकर्मण उणादिको रक् प्रत्ययः धकारस्य जकारे वज्रशब्दोवधसाधनवाची ततो मत्वर्थीय–इन् भृष्टि–भ्रस्ज पाके तु० उ० भृशु अधः पतने दि० प० ताभ्यांक्तिन् प्स्नुम् रूपं पतत्यासजत्यत्र पतेनु–प्सा भक्षणे अ० प० ततः क्तु। छान्दस–आकार लोपः तरुषी तरते रिन् गुण उकारसकारावुपजनौ ततः शस् लिंगव्यत्ययश्छान्दसः द्युक्षं–दिवशब्दोपपदात् क्षिनिवास गत्योरित्यस्मादन्येष्वपि इति डः ॥

હે સર્વસ્વામિન્ ઇન્દ્ર! ચિત્ત રૂપી સરોવરમાં દરેક ક્ષણે ઉત્પન્ન થનારા કામાદિ દુશ્મનોનો આપ નાશ કરનાર છો. આપની કૃપાની

ઇચ્છા વાળો હું આપની તેવી રીતથી પ્રાર્થના કરૂં છું કે જેવી રીતથી વૃષ્ટીની ઇચ્છા વાળો, વરસાદના અધિષ્ઠાતા દેવની ઇચ્છા કરે છે. શત્રુના નાશના સાધન રૂપ વજ્રવાળા. શત્રુને નીચે પાડનાર, બહુ ધર્મોને ધારણ કરનાર, બીજનું સિંચન કરનાર એટલે કે ઉત્પાદક કર્મફળને આપનાર છો. અવિચ્છિન્ન રૂપ વાળા અગર તો બળબુદ્ધિ કરનાર નવનીત આદિના તથા જામીગયેલા પ્રબળ દુશ્મનોના પણ ભક્ષક છો. સજ્જનોના પ્રકાશમાન હૃદયરૂપી આકાશમાં વાસો કરનાર તથા ચિત્તના આવરણ અજ્ઞાન રૂપી વૃત્રના ઋતંભર સમાધિ પ્રજ્ઞાને ઉત્પન્ન કરી, અથવા બ્રહ્મ સાક્ષાત્કારને ઉત્પન્ન કરી આપ નાશ કરનાર છો. જેવી રીતે સ્થાવર જંગમ તમામ, શબ્દોથી આપના અદ્‌ભુત ગુણોનું કીર્તન કરે છે તેમ હું પણ આપના ગુણ સમુદાયને બોલું છું.

यो नो वनुष्यन्नभिदाति मर्त्त उगणा वा मन्यमानस्तुरो वा।
क्षिधीयुधाशवसावा तमिन्द्राभीष्याम वृषमणस्त्वोताः ॥२७॥

प्र ४. अ १. द ५. मं ५ जीवोक्तिः

(**यो**) (**मर्त्तः**) मनुष्यः (**नः**) अस्माकं (**उगणा**) उत्कृष्टाः विवेक वैराग्यादिसंततिः सद्विचारततीर्वा (**वनुष्यन्**) हिंसन् वनेर्हिंसार्थकात्कण्ड्वादित्वाद् यकि वनु भावः षकार उपजनः (**मन्यमानः**) हिंसितुं योग्या आकलयन् (**अभिदाति**) अभिमुखमायाति अपि वा (**वनुष्यन्**) हन्तुमिच्छन् (**मन्यमानः**) आत्मानं बहुपश्यन् (**अभिदाति**) उभयतः कारणतः स्वरूपतश्च छिनत्ति छेत्तुमुद्युङ्क्ते कीदृशीस्ता (**तुरः**) हिंसिका अविवेकादेः समूलमुन्मूलयित्री एकोऽत्र वा शब्दः पादपूरको द्वितीयस्तु समुच्चायकः केन हिंसतीत्याशङ्क्याह (**क्षिधी**) क्षिधिना क्षयसाधनेन (**युधा**) आयुधेन तीक्ष्ण दुर्विचारशस्त्रेण (**शवसावा**) दुराचार बलेन च (**त्वोता**) त्वया ऊताः सुरक्षिताः सदाचारपरावयं (**वृषमाणः**) वृषा इवाचरन्तः साहसं दर्शयन्तो वयं (**तं**) विपक्षिणं (**अभिष्याम**) अभिभवेम

પોતાની જાતને બહુ માનનાર જે કોઈ મનુષ્ય વિવેક—વૈરાગ્યાદિ સંતાનવાળા અમારો નાશ કરવા અવિવેક રૂપી ક્ષય કરવાના સાધનથી ને તિક્ષણ દુર્વિચારરૂપી આયુધથી ને દુરાચાર રૂપી બળથી સામે આવે તેના વિરૂદ્ધ વરસાદની માફક સાહસ બતાવતા અમો આપના રક્ષણ નીચે સામા થઈએ ને તેને હરાવી પાડીએ.

यं वृत्रेषु क्षितयः स्पर्धमाना यं युक्तेषु तुरयन्तोहवन्ते।
यं शूरसातौ यमपामुपज्मन् यं विप्रा सो वाजयन्ते स इन्द्रः ।२८।

प्र ४. अ १. द ५. मं ६. ईशोक्तिः

भो मत्प्रेमभाजो मनुष्याः। (यं) परमात्मानं (वृत्रेषु) तुरग गजादि खुरोत्थित रजोभिर्व्योम्नः ककुभां जन नयनानां वाच्छादकेषु पिधायकेषु संग्रामेषु प्रवर्तमानेषु (**स्पर्धमानाः**) क्रुध्यन्तो योद्धुं सज्जीभवन्तो योद्धारः (**क्षितयः**) क्षियन्ति भुवि निवसन्ति कर्तरि क्तिच् भूवासिनो नराः (**हवन्ते**) आमन्त्रयन्ति (यं) युक्तेषु प्रवृत्तेषु समरेषु (**तुरयन्तः**) मिथोव्यापादयन्तः प्रहरन्तः (**हवन्ते**) आह्वयन्ति (यं) शूरसातौ शूराणां वीराणां सातौ संभजने वीरता

कृत्येषु—इत्यर्थः (यं) (**अपाम्**) वारीणां सातौ प्राप्तौ वर्षणे (**उपज्मन्**) उपागमन् उपगच्छंति प्रार्थयन्ते गमे र्लुङि बहुवचनेऽडभावो गकारस्य जकारो ऽकारलोपश्चछान्दसः (यं) यज्ञेषुतत्तद्वता रूपेणाहूयमानं (**विप्रासः**) मेधाविनो याजकाः (**वाजयन्ते**) वाजिनमन्नभाजं कुर्वते विविधानि हविंसि भोजयन्ति विविधहविर्दानेन बलिनं कुर्वन्ति पोषयन्ति वा (**सः**) तादृशः इन्द्रः परमेश्वरो भवतामवितातस्मान्न भेतव्यमिति शेषः॥

અયિ મારા ઉપર પ્રેમવાળા મનુષ્યો! જે પરમાત્માને યુદ્ધ સ્પર્ધાથી વિગ્રહ માટે સજ્જ થયેલા પૃથ્વીમાંના મનુષ્યો આમંત્રણ દે છે શરૂ થયેલા યુદ્ધમાં સામાસામી મારતા પણ જેને આહ્વાહન કરે છે વીરતાના કાર્યોમાં તથા જલ સારૂ જેની પ્રાર્થના કરે છે. ને બુદ્ધિ-

શાળી પૂજકો જેને હવિષાન્ન અર્પણ કરે છે, તેજ ઇન્દ્ર પરમેશ્વર તમારો રક્ષક છે. બ્હીવાની જરૂર નથી.

आनो वयोवयः शयं महान्तं गह्वरेष्ठाम् ।
महान्तं पूर्विनेष्ठामुग्रं वचो अपावधीः ॥२९॥

प्र ४. अ २. द ७. मं २. जोवोक्तिः

(**वयः**) वयस्य मित्र परमप्रीत्यास्पदपरमात्मन् यतो लोप श्छान्दसः अथवा (**वयः**) मदायुः जीवन् मदीयप्राणभूत परमप्रियेन्द्र (**वयःशयं**) वीयते भक्ष्यते वयोऽन्नं लक्षणयातत्कार्यमन्नमयं शरीरं वेते रसुन् तत्र शरीरे शेते तिष्ठति अधिष्ठातृतया स वयःशयः शरीराध्यक्षो मदात्मा तं शरीरिणं शेते "रधिकरणे शेतेरित्यच्" (**महान्तं**) (**३ अ २ पा १८ स्त्र**) (**महान्तं**) व्यापकम् (**गह्वरेष्ठाम्**) हृद् गुहायां स्थितं (**महान्तं**) तन्नाम्ना ख्यातां बुद्धिम् (**नः**) अस्मदीयम् (**आ**) स्वाभिमुख मानय उपसर्ग श्रवणाद् योग्य क्रियाध्याः शेषः, बुद्धे विशेषणमाह (**पूर्विनेष्ठां**) पूर्विने पूर्वजन्मभिरर्जिते संस्कार संङ्घे वर्तमानं प्राचीन संस्कार-वशवर्तिनं तत्प्रभावात्संसार लगनं अपि च (**नो**) अस्माकं (**उग्रम्**) परो द्वेजकं निष्ठुरं (**वचः**) वचनं (**अपावधीः**) अपजहि अपाकुरु मद्वचसि माधुर्यं सम्पादय तदन्यपरतां अपगमय वा । येनात्मना बुद्धया वाचा वा वयं भवत्प्रतीपं न गच्छेमेति शेषः

यद्वा (**उग्रं**) क्षुधा पिपासाभ्यां भयंकरं (**वचः**) वचनं (**अपावधीः**) देवत्वं प्रापय देवाहि न क्षुधा पिपासा पीडया व्यग्रवचसो भवन्ति "न वै देवा अश्नन्ति न पिबन्ति" इति श्रुतः पूर्विने पूर्वशब्दात्पूर्वैः कृत मिनयौ चेति ताद्धितिक इन् प्रत्ययः णत्वाभाव श्छान्दसः

પરમ પ્રીતિના સ્થાન રૂપ. હે પરમાત્મન્! અમારા જીવન પ્રાણભૂત દેવ અન્નમય શરીરમાં વાંસો કરનાર આત્મા વ્યાપક હ્રદય રૂપી. ગુહામાં રહેલી બુદ્ધિને આપના તરફ પ્રેરો, જે બુદ્ધિતત્વ પૂર્વ જન્મમાં મેળવેલા સંસ્કારમાં રહેલું અને પ્રાચીન સંસ્કારને વશવર્તી

છે. અમારાં બીજાને દુઃખ આપનારાં નિષ્ઠુર વચનોનો નાશ કરો. અમારી વાણીમાં માધુર્ય સંપાદન કરો જેથી આત્મા, બુદ્ધિ અને વાણીથી અમો આપનાથી દૂર ન જઈએ. ભૂખ તરસ આદિ ભયંકર વચનો દૂર કરો એટલે કે મનુષ્યમાંથી દેવ બનાવો કારણ દેવોને ભૂખ તરસ હોતી નથી.

यद्दीवहन्त्याशवा भ्राजमाना रथेष्वा।
पिबन्तो मदिरं मधु तत्रश्रवांसि कृण्वते ॥३०॥

प्र ४. अ २. द ७ मं. ५. ईशोक्तिः

(**यदि**) यदा (**रथेषु**) मधुमती–मधुप्रतीका विशोकाख्येषु सम्प्रज्ञातसमाधेरवस्थाविशेषेषु वर्तमाना अत एव (**भ्राजमानाः**) समाधिलाभ जनित हर्षेण दीप्तगात्रा प्रवृद्ध शरीर कांतयः सञ्जातपुलकाः द्विगुणितोत्साहाः समाधिसिद्धया योगशास्त्रोक्तेषु साधनेषु उपरूढ श्रद्धातिरेकाः (**आशवः**) योगाभ्यासे त्वरमाणाः संस्कारशेषापरपर्यायस्य निर्बीज समाधे र्लाभायानिशं प्रयतमाना मनुष्या (**आवहन्ति**) मां आभिमुख्येन वहन्ति आत्मानं मदात्मकतां प्रापयन्ति (**तत्र**) तदा (**श्रवांसि**) कृतकृत्यता प्रयुक्तानि यशांसि (**कृण्वते**) कुर्वते तेषामन्ये लोकाइति शेषः स्वयं सम्पादयन्तीति वा सफलजन्मानस्ते भवन्तीति भावः किं कुर्वन्तः (**मदिरं**) प्रमोदकरं धर्ममेघसमाधौ स्पन्दमानं (**मधु**) अमृतं समाधौ क्षरत्यमृतं तच्च पीयते योगिभिरित हठयोग वादिनः, राजयोगनये (**मधु**) विवेकख्यात्याख्यं औपनिषदनये ब्रह्मसाक्षात्काररूपं (**पिबन्तः**) एकत्र आस्वादयन्तः अन्यत्र लक्षणया सादरं सम्पादयन्तः।

જ્યારે મધુ પ્રતિકા વિશોક નામની સંપ્રજ્ઞાત સમાધિની અવસ્થારૂપી રથમાં રહેલાને સમાધિના લાભથી ઉત્પન્ન થયેલા હર્ષવાળાને તેથી દેદીપ્યમાન શરીરના રૂપવાળા, સમાધિથી સિદ્ધ કરી શકાય તેવા યોગશાસ્ત્રના સાધનમાં અત્યંત શ્રદ્ધાળુ, યોગમાં ત્વરિત ગતિથી આગળ વધતા મનુષ્યો મારી પાસે આવે છે. પોતાના આત્માને

મારો આત્મા જ બનાવે છે ત્યારે કૃતાર્થતામય યશને પોતાની મેળે જ પ્રાપ્ત કરે છે. તેમનો જન્મ સફળ બને છે. શાથી કે આનંદકારીને ધર્મમેઘ સમાધિમાંથી ઝરતા અમૃત રસ રૂપી (૧) યોગમાં વર્ણવેલા મધુ, (૨) રાજયોગમાં વર્ણવેલા વિવેક ખ્યાતિરૂપી મધુ (અમૃત) અને (૩) વેદાંતમાં વર્ણવેલા બ્રહ્મસાક્ષાત્કાર રૂપી રસને એકત્ર રૂપે પીએ છે. જીવ બ્રહ્મના ઐક્યને સાક્ષાત્કારથી અનુભવે છે.

कश्यपस्य स्वर्विदो यावाहुः सयुजाविति ।
ययो र्विश्वमपि व्रतं यज्ञं धीरा निचाय्य ॥३१॥

प्र ४. अ २. द ८. मं २.   ईशोक्तिः

(**कश्यपस्य**) पश्यकस्य सवार्थदर्शिनः वर्णव्यत्ययश्छान्दसः स्वः सुखं विंदति वेदयति प्रापयति इति स्वर्वित् तस्य (**स्वर्विदः**) सुख प्रदातुरीश्वरस्य (**वाहुः**)वाहुप्रापकौ वहेरुण् वचन व्यत्यय श्छान्दसः आद्धरितिपोषोवा (**यौ**) प्रसिद्धौ (**सयुजौ**) अभ्यास वैराग्याभ्यां सहसम्बद्धौ सम्बन्धश्च हेतु हेतु मद्भावो नान्तरेण तौ तावुत्पद्येते (**ययोः**) सम्प्रज्ञातासम्प्रज्ञातयोगयोः विश्वम् कृत्स्नं (**व्रतं**) कर्म–योगयज्ञकृत्यं (**अपि**) अपीतं समाप्तं अन्तर्भवतीत्यर्थः (**इति**) एवं (**निचाय्य**) निश्चित्य (**धीराः**) अयि योग ध्यानपरा मनुष्याः (**यज्ञं**) योगयज्ञंतदात्मकं सम्पादयेतेति शेषः

સર્વ અર્થ દર્શી, સુખ આપનાર, ઈશ્વરની પ્રાપ્તિ કરાવનાર જે બે યુગ્મ અભ્યાસને વૈરાગ્ય સાથે સંબંધ ધરાવનાર સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિઓ છે ને જેનું સંપૂર્ણરૂપ, યોગ કર્મમાં સમાપ્ત થાય છે, તેનો નિશ્ચય કરીને, યોગ ધ્યાનમાં તત્પર થઈ વિચારીને મનુષ્યો યજ્ઞને પ્રાપ્ત કરો, યોગ યજ્ઞનું ફળ સાક્ષાત્કાર છે, તેને મેળવો. **અમે ઋચ્ અને સામ વાણી અને પ્રાણ, આપ્યાં છે, જે બન્નેથી જીજ્ઞાસુઓ કર્મ કરે છે. દેહેન્દ્રિય ને પ્રાણના સમુહમય મનુષ્ય દેહ રૂપી મંડપમાં એ બંન્ને શોભે છે, ૐકારના જપને પ્રાણાયામથી ધીમે ધીમે**

ઉત્કૃષ્ટ સ્થિતિને પ્રાપ્ત કરે છે ને તેથી બધા દેવોમાં પૂજવા લાયક (યજ્ઞ) મને પ્રાપ્ત કરે છે.

ऋचं सामयजामहे याभ्यां कर्माणि कृण्वते ।
विते सदसि राजतो यज्ञं देवेषु वक्षतः ॥३२॥

प्र ४. अ २. द ८. मं १०. ईशोक्तिः

वयं (**ऋचं**) वाचं (**साम**) प्राणं (**यजामहे**) दत्तवन्तः छन्दसि कालानियमः यजदेवपूजासंगती करणदानेष्विति धातुपाठः (**याभ्यां**) ऋक् सामाभ्यां वाक्प्राणाभ्यां जिज्ञासवः (**कर्म्माणि**) स्वाभिलषित कृत्यानि (**कृण्वते**) साधयन्ति (**ते**) ऋक्सामे (**सदसि**) मनुष्यशरीर मण्डपे देहेन्द्रियप्राणसङ्घातलक्षणे (**विराजतः**) विशेषेण शोभेते प्रणवजप प्राणायामाभ्यां क्रमेणोत्कृष्टां कक्षामधिरोहतःततः किमित्याह यज्ञमिति तथाभूते ते (**देवेषु**) सर्व देवेषु मध्ये (**यज्ञं**) यजनीय मां (**वक्षतः**) वहतः प्रापयतः ॥

અરે સમસ્ત પ્રજાઓ ! પ્રકાશમાન યોગના બળથી સ્વર્ગના પતિ અને પાલક મને તમારા પોતાના સાથે અભેદ માનીને સારી રીતે પ્રાપ્ત કરો જે હું અતિથિ માફક સર્વ પ્રિય એકલોજ છું. વળી તેજ હું સર્વ પ્રિય ને પોતાનાજ આત્મારૂપ બનેલા પુરાણ પુરૂષ તથા મધુમતિ ભૂમિકાના વિજય વિગેરેથી અસંપ્રજ્ઞાત યોગને મેળવવા ઇચ્છિનારને માટે નવીન તથા માર્ગદર્શક છું. રસ્તો ખુલ્લો મુકનાર છું. મારી પ્રાપ્તિની ઇચ્છાવાળા મુમુક્ષુ અને મારી આરાધના માટે તત્પર ભક્ત સારૂ એકજ એવો પ્રસિદ્ધ હું સનાતન છું. યોગમાર્ગ ને ભક્તિ માર્ગ બન્ને ખુલ્લા કરૂં છું.

समेत विश्वा ओजसापतिं दिवो य एक इद्भूरतिथिर्जनानाम् ।
स पूर्व्योनूतनमाजिगीषं तं वर्तनीरनुवावृत्त एकइत् ॥३३॥

(प्र ४. अ २. द ९. मं ३) ईशोक्तिः

(**विश्वाः**) समस्ताः प्रजाः ! (**दिवः**) द्योतमानस्य योगस्य (**ओ**

असा) बलेन (**पतिं**) सर्वस्वामिनं मां यद्वा (**दिवः**) स्वर्गस्य (**पतिं**) पालकं (**समेत**) सम्यक् स्वात्माभेदेन लभध्वं कीदृशोऽहं (**जनानाम्**) लोकानां (**अतिथिः**) तद्वत्प्रियः यः (**एकइत्**) एकएव (**भूः**) अहं भवामि भवतेः कर्तरि क्विप् सर्वेषु स्त्रीपुत्रादिष्वात्मार्थं प्रेमदर्शनात्—अन्यार्थ मात्मनि तदभावात् "नवा अरेः पत्युः कमाय पतिः प्रियो भवति" तदे- तत्प्रियः पुत्रादित्यादि श्रुतेः (**सः**) सर्व प्रियः स्वात्मभूतोऽहम् (**पूर्व्या**) पुरातनः (**आजिगीषन्तम्**) मधु मत्यादि भूमिका विजय क्रमेण संस्कार शेषाख्यमसंप्रज्ञातयोगं लब्धुमिच्छन्तं (**नूतनम्**) नवीनम् (**वर्तनीः**) मार्गः लक्षणया तत्प्रदर्शकः सन् (**अनुवावृते**) अनुवर्तयामि अनुगृह्णामि अपि वा (**वर्तनीः**) मार्गान् (**अनुवावृते**) उद्घाटयामि यद्वा आजिगीषन्तम् मदवासिकामं मुमुक्षुम् (**नूतनम्**) अभिनवं मदाराधने सद्यः प्रवर्तमानं स्वभक्तं (**अनु** प्रति **एकइत्**) एकएव (**सः**) प्रसिद्धः (**पूर्व्यः**) सनातनः (**वर्तनीः**) योगमार्गो भक्तिमार्गो वा (**वावृते**) विक्रियते मया इति शेषः

હે સર્વ દુઃખોના છેદક પરમાત્મન્ સર્વ મનોરથોના પૂરક ! સંસારના સર્વ ઉપદ્રવોથી દૂર ખેંચી કાઢીને અમારૂં પાલન કરો અતિશય બળવાન સર્વ શક્તિયુક્ત આપના દર્શન માટે અમો આપની પ્રાર્થના કરીએ છીએ. સર્વ શક્તિના નાથ આપના માટે આ કઠણ નથી,

पंचमः प्रपाठकः

विश्वतोदावन् विश्वतो न आभर यं त्वा शविष्ठमीमहे ॥३४॥

प्र ५. अ २. द ६. मं १ जीवोक्तिः

(**विश्वतः**) विश्वेषां सर्वेषां दुःखानाम् (**दावन्**) छेदक दाप्लवने वनिप् अपि वा (**विश्वतः**) सर्वेषामभीष्टानाम् (**दावन्**) दातः सर्व मनोरथ पूरक परमात्मन् **विश्वतः**) विश्वैरुपायैः (**नः**) अस्मान् आसमन्तात् (**भर**) पालय यद्वा (**विश्वतः**) सर्वस्मात् सांसारिकोपद्रववृन्दात् (**आ**) आकृष्य उद्धृत्य (**भर**) आहर स्वाभिमुखमानय (**यम्**) (**त्वा**) त्वाम् (**शविष्ठम्**)

अतिशयेन बलिनं सर्वशक्तिसमन्वितम् (ईमहे) प्रार्थयामहे दर्शनमिति शेषः नैतद् दुर्घटं सर्वशक्तिमतस्तवेति भावः

જે પરમાત્મા વસંતાદિ સર્વ ઋતુઓમાં છે. સર્વના હિતની કામના વાળા પ્રસિદ્ધ અને વેદાંતમાં જણાવ્યા પ્રમાણે સ્વાત્મ રૂપ હોવાથી અપરોક્ષ પણ ભક્તિથી સાક્ષાત્કાર કરી શકાય તેવાને સર્વ ઐશ્વર્ય-પ્રભાવથી યુક્ત છે. એવા આપની હું પ્રાર્થના કરૂં છું. હે ભગવન્ આપનાં સ્વરૂપાનંદ ધનની ઇચ્છાવાળા સાધન ચતુષ્ટય સંપન્ન મુમુક્ષુને, સ્વરૂપભૂત વિષ્ણુ પદ, મોક્ષરૂપી ધનવાળું, આપ આપો છો. અહિંસા વિગેરે વ્રત રહિતનાને પોતાની ઇચ્છાઓ પણ મળતી નથી. (મોક્ષ લાભતો મળેજ શાનો ?) ને તેને બ્રહ્માનંદસ્વરૂપી મોક્ષ ધનનો સ્પર્શ જ થતો નથી.

ધનને આપનાર મનુષ્યો લૌકિક અને પારલૌકિક વસવા લાયક મનોહર મહેલ રાજ્ય આદિ સર્વ ઉચ્ચ અધિકારવાળા પદને પુષ્કળ ધનને મેળવે છે. વ્રત રહિતનો માણસ કોઈપણ રીતથી શમદમાદિકથી મોક્ષને, આ સુખને મેળવતો નથી.

एष ब्रह्मा य ऋत्विय इन्द्रो नाम श्रुतो गृणे ॥३५॥

(प्र ५. अ २, द ६. मं २) जीवोक्तिः

(**यः**) परमात्मा (**ऋत्वियः**) वसन्तादिकसर्वऋतुषु वर्तमानः लक्षणया सर्वदा सर्वहितकामः नाशवर्जितो वा (**नामश्रुतः**) विश्रुतः प्रसिद्धः (**एष**) स्वात्मतया अपरोक्षः भक्ति प्रभावाज्जनैः साक्षात्क्रियमाणो वा (**इन्द्रः**) सर्वैश्वर्य्योपेतः वर्तत इति शेषः (**गृणे**) स्तोमितमित्यध्याहारः

शं पदं मघं रयीषिणे न काममव्रतो हिनोति न स्पृशद्रयिम् ।

प्र ५. अ २, द ६. ऋ ५. जीवोक्तिः

भगवन् (**रयीषिणे**) भवत् स्वरुपानन्द धनलिप्सवे अहिंसादि यम पञ्चकव्रतवते व्यतिरेकेऽव्रत इति दर्शनात् तल्लाभः साधन चतुष्टय सम्पन्नाय मुमुक्षवे (**शम्**) निरतिशय सुखं (**पदम्**) स्वरुपभूतम् तद्विष्णो

परमं पदमित्यादौ पदशब्दस्य स्वरूपार्थकतायाः दृष्टत्वात् (**मघम्**) महनीयम् निरतिशय ब्रह्मानन्दस्वरूप मोक्षधनमिति यावत् वितरसि इति शेषः (**अव्रतः**) व्रतमित्येषः अहिंसादेः संज्ञाजातिदेशकालसमयानवच्छिन्नः सार्वभौमा महाव्रतमिति सूत्रेण जात्यादि अनवच्छिन्नत्वेनतेषां महाव्रततायाः योगदर्शने प्रतिपादनात् तद्वर्जितो हिंसादि पुरुषः (**कामम्**) स्वाभीष्टम् लौकिकं पुत्रवनितादिसुखं (**न हिनोति**) न लभते मोक्षलाभस्तु तस्यकुत इत्याह (**न स्पृशद्रयिम्**) ब्रह्मानंद स्वरूपं मोक्षधनं न स्पृशति । व्रतहीनस्य मोक्षसुखस्पर्श एव दुर्लभः तद्प्राप्तेस्तुका कथेति भावः। अपि वा (**रयिषिणे**) रयीषीणः रयिं–धनं प्रेषयन्ति प्रयच्छन्ति ते धनदातारो मनुष्याः (**शम्**) सुखम् लौकिकं–पारलौकिकं च पदं वासोचित मनोहरगृहं राजमन्त्र्यादि सर्वोच्चाधिकारं वा (**मघं**) प्रभूतं धनं लभन्त इति शेषः (**अव्रतः**) वदान्यताव्रतवर्जित पुरुषः (**कामम्**) अतिशयेन सर्वथा (**नहिनोति**) न लभते शमादिकमित्यर्थः तदेव विवृणोवि (**नस्पृशादिति**)

હે ભગવન્! આપનાં સ્વરૂપાનંદ ધનની ઇચ્છાવાળા સાધન ચતુષ્ટય સંપન્ન મુમુક્ષુને સ્વરૂપભૂત વિષ્ણુપદ મોક્ષરૂપી ધનવાળું આપ આપો છો. અહિંસા વિગેરે વ્રત રહિતનાને પોતાની ઇચ્છાઓ પણ પણ મળતી નથી. (મોક્ષલાભ તો મળેજ શાનો ?) ને તેને બ્રહ્માનંદ સ્વરૂપી મોક્ષધનનો સ્પર્શ જ થતો નથી.

ધનને આપનાર મનુષ્યો લૌકિક અને પરલૌકિક વસવા લાયક મનોહર મહેલ રાજ્ય આદિ સર્વ ઉચ્ચ અધિકારવાળા પદને પુષ્કળ ધનને મેળવે છે. વ્રત રહિતનો માણસ કોઇપણ રીતથી શમદમાદિક મોક્ષનાં આ સુખને મેળવતો નથી.

सदा गावः शुचयो विश्वधायसः सदादेवा अरेपसः ॥३७॥

(प्र ५. अ २. द ६. मं ६) जीवोक्तिः

भगवन्! भवत्प्रणिधातृणां (**गावः**) वाचः (**शुचयः**) स्वच्छा विशुद्धो (**विश्वधायसः**) विश्वेषां परानुद्वेजकत्व माधुर्यहितकरत्वादि

गुणानां धारिकाः। विश्वस्य प्राणीजातस्य प्रोत्साहनादिना पोषिका विश्वस्य विश्वात्मनो भवतो धारिका गुणानुवादन परा वा किं च तेषां (देवाः) इन्द्रियाणि (अरेपसः) निष्पापा भवन्तीति शेषः। अपि वा कारूणिक परमेश्वर क्षीर घृतादि प्रदानाय विश्वधायसः जगद्धारिकः (गावः) धेनवः (शुचयः) पवित्राः—अस्माकं कृते भवता सृष्टा इति शेषः गोभिर्जगद्ध्रियते। अत एव विद्वांसो धवलवृषलवदृशृंगधृतां वसुंधरां संगिरन्ते। दुग्धाद्यलाभे स्यादेव जगद्विलवः (सदा) सर्वदा (अरेपसः) निष्पापा सरल चेतसः (देवाः) तद्वद वन्दनीया विद्वांसोऽस्मभ्यंसन्मार्ग मुपदेष्टुमुत्पादि ता इत्यर्थः।

હે ભગવન્! આપના ભકતોની પવિત્ર વાણીઓ માધુર્ય અને હિતકારી પણાના ગુણવાળી પ્રાણીમાત્રના ઉત્સાહને પોષનારી છે. વિશ્વના આત્મા એવા આપના ગુણગાન પરાયણ છે. તેમની ઇંદ્રિયો નિષ્પાપ છે. અગરહે કારૂણિક પરમાત્મન્! દુધ દહીં આપવાને માટે જગદુદ્ધારક પવિત્ર ગાયોને આપે ઉત્પન્ન કરી છે. (ગાય જગતને ધારણ કરનાર છે) આથી વિદ્વાનો "બળદના શૃંગ પર ધારણ કરાયેલી વસુંધરાને જણાવે છે."

દુધ આદિ ન મળે તો જગત નાશ પામે સદાય તે નિષ્પાપ અને સરળ ચિત્ત વાળી હોય છે. તેજ ગાયોની માફક પૂજ્ય વિદ્વાનોને અમોને સન્માર્ગનો ઉપદેશ આપવાને માટે આપે ઉત્પન્ન કર્યાં છે.

उपप्रक्षे मधुमति क्षियन्तः पुष्येम रयिंधीमहे त इन्द्र ॥३८॥

(प्र ५ अ २. द ६. मं ८) जीवोक्तिः

(प्रक्षे) प्रकृष्टे, सर्वोत्तमे क्षीयति निवसति ध्यानेनवतिष्ठते योगी यस्मिन् समाधौ स प्रक्षः समाधि तत्र मधुमति मधुभूमिके मधुमत्यादि भूमिका विशेषयुक्ते (क्षियन्तः) निवसन्तो वर्तमानाः (रयिम्) विवेकख्याति रूपं धनं (पुष्येम) पोषयेम केनचिद्विघ्नेन स्थान्युपनिमंत्रादिना प्रतिहतः समाधिभ्रष्टः माभूमेत्यर्थः अपि वा भवत्प्रसाद लब्धं स्वात्मानन्द सुखं समाधौ प्रतिभासमानं (रयिम्) धनम् (उपपुष्येमः) उपभुञ्जीमहि (इन्द्रः)

परमेश्वर (**ते**) तव, त्वां छान्दसी कर्मणिषष्ठी (**धीमहे**) ध्यायेम। अत्र यद्वक्तव्यंतद्योग भाष्ये विशदि कृतं विस्तारभयान्नेह प्रतन्यते॥

જેનો અંદર ધ્યાન વડે સર્વ શ્રેષ્ટમાં વસી શકાય તેવી મધુ મતિ આદિ સમાધિમાં રહેલા, વિવેક નામના ધનને અમો પોષીએ; એટલે સ્થાન ભ્રષ્ટ થવા જેવા કોઈપણ વિઘ્નથી અટકી પડી સમાધિ ભ્રષ્ટ અમો ન થઈએ. ઉપરાંત આપની કૃપાથી પ્રાપ્ત કરેલા સ્વાત્મા નંદના સુખને સમાધિમાં પ્રાપ્ત થતા ધનને ભોગવીએ હે ઇન્દ્ર આપનુ અમો ધ્યાન ધરીએ છીએ.

આ વિષયનું વિસ્તાર પૂર્વક વર્ણન પાતંજલ યોગ દર્શનમાં છે

अर्चन्त्यर्कं मरुतः स्वर्का अस्तोभति श्रुतो युवा स इन्द्रः ।३९।

(प्र ५. अ २. द ६. अ ९) जीवोक्तिः

(**स्वर्काः**) अर्चत्यनेनेत्यर्कः स्तोत्रंसशोभनो येषां ते भवत्प्रशंसकाः (**मरुतः**) वायुसमान वेगः वेगेन त्वामभ्यागच्छन्त इति यावत् (**अर्कम्**) अर्चनीयं त्वां अर्चन्ति प्रत्यहं समाधौ पूजयन्ति ध्यानेन पश्यन्ति योगिन इति शेषः (**सः**) लोकवेदप्रसिद्धः (**श्रुतः**) प्रथितः (**युवा**) नित्य तरुण्योपेत एकरसः (**इन्द्रः**) सर्वैश्वर्यसम्पन्नो भवान् (**आ**) आभिमुख्येन (**स्तोभती**) समाधिप्रतिपक्षमन्तराय जातं रुणद्धि लक्षणया नाशयती त्यर्थःष्टुभ स्तम्भे (**भू० आ०**) व्यत्येन परस्मैपदम् (**अर्कम्**) अर्च कर्मणि घञ् कुत्वम्॥

હે ઇન્દ્રદેવ! સારાં પૂજાનાં સાધનરૂપ સ્તોત્રવાળાં આપના પ્રશંસકો વાયુ સમાન વેગથી આપની પાસે આવે છે. પૂજ્ય એવા આપને ધ્યાનથી યોગીઓ જુએ છે. તે લોક અને વેદોમાં પ્રસિદ્ધ કાયમની યુવાવસ્થાવાળા એટલે નિર્વિકાર ઐશ્વર્ય સંપન્ન આપ ચારે બાજુથી સમાધિમાં વિરૂદ્ધ જનારી અડચણોને નાશ કરો.

प्रव इन्द्राय वृत्रहन्तमाय विप्राय गाथं गायत यं जुजोषते ।४०।

(प्र ५. अ २. द ६. मं १०) ईशोक्तिः

अयि मनुष्या ! यूयं (**विप्राय**) व्यापकाय मेधाविने सर्व विदेवा (**वः**) युष्माकं (**वृत्रहन्तमाय**) अतिशयेन विघ्नध्वंसकाय (**इन्द्राय**) ऐश्वर्य्यो पेताय परमात्मने तं प्रसादयितुम् इति यावत् (**गाथं**) गातव्यम्। अनिश मावर्तनीयं प्रणवं (**प्रगायत**) प्रकर्षेण तदर्थभावनेन समं पटत उच्चार्यत कीदृशोऽसौ गातव्य प्रणवः यं प्रणवं (**जुजोषते**) वाचकत्वेन सेवते तस्य वाचकः प्रणवः इति योगोक्तेः। प्रियते–कामयते–वा विश्वम्भर इति शेषः (**विप्राय**) विपूर्वात् प्रापूर्णे इत्यस्मात्कर्तरिकः (**वृत्रहन्तमाय**) वृत्र पूर्वा द्धन्ते कर्तरिक्विप् ततस्तमप जुजोषते जुषि प्रीति सेवनयोः (**तु० आ०**) व्यत्येन शप् द्वित्वं छान्दसम्

અરે મનુષ્યો ! તમે વ્યાપક, બુધ્ધિશાળી, સર્વજ્ઞ વૃત્રઘ્ન એટલે સર્વે વિઘ્નોને નાશ કરનાર તથા ઐશ્વર્યયુક્ત પરમાત્માને પ્રસન્ન કરવા સારૂ ગાન કરવા યોગ્ય ૐકારનું ગાયન યા રટણ કરો જેને માટે વિશ્વંભર પ્રીતિ કરે છે તે જ ૐકાર છે ને તેને વાચ્યવાચક ભાવથી અવલંબન કરે છે.

भगो न चित्रो अग्निर्महोनां दधाति रत्नम् ॥४१॥

(प्र ५. अ २. द ७. मं ३) जीवोक्तिः

(**भगः**) सूर्यः (**न**) इव (**चित्रः**) चाजनीयः साक्षात्करणीयो वा नानाविभूतिभूपिता वा अग्नि अग्रणीः तद्वन्निर्दोषस्तेजस्वी वा परमात्मा (**महोनाम्**) महतां योगजमहिमभाजां स्वानुचरणाम् (**रत्नम्**) रम- णीयम् स्वदर्शनं (**दधाति**) ददाति–अपि वा (**रत्नम्**) मुक्ति प्रदत्वेन रम्यं विवेक साक्षात्कारं (**दधाति**) पुष्णाति प्रत्यूह निरासेन स्थिरीकरोति

સૂર્યની માફક સાક્ષાત્કાર કરવા યોગ્ય અનેક પ્રકારની વિભૂતિથી આ ભુષિત અગ્રણી અગ્નિ ! તેનીજ માફક નિર્દોષ અને તેજસ્વી પરમાત્મા યોગથી ઉત્પન્ન થયેલા મહિમાવાળાને, પોતાનું રમણીય દર્શન આપે છે; ઉપરાંતમાં મુક્તિ આપનાર હોવાથી રમ્ય રમણીય વિવેક સાક્ષાત્કારનું પોષણ કરે છે. અડચણ દૂર કરીને સ્થિર કરે છે.

विश्वस्य प्रस्तोभ पुरो वासन्यदि वेह नूनम् ॥४२॥

(प्र ५. अ २. द ७. मं ४) **जीवोक्तिः**

(**विश्वस्य**) समस्तस्य प्रत्यर्थि वर्गस्य (**प्रस्तोभ**) प्रकर्षेण घातक विश्वेन प्राणिजातेन स्तवनीय वा परमात्मन् (**पुरः**) पुरि शरीरे विश्वस्ये त्यनुषङ्गः (**वासन्**) वसन् दैर्घ्यं छान्दसम् (**इह**) अस्मिन् भवद्विधेयानाम स्माकं समाहिते चेतसि (**यदि**) यदा आविर्भवेद् भवान् वा तदा महती दयेति शेषः। (**नूनम्**) निश्चितम् नात्र संदेह गन्ध ईतिभावः॥

હે પ્રભો! સમસ્ત અડચણોનો એકદમ નાશ કરનાર પ્રાણી-માત્રની સ્તુતિ યોગ્ય પરમાત્મા. વિશ્વના શરીરમાં વાસ કરનાર આપ આપના તરફ વળના અમારા સમાધિમય ચિત્તમાં પ્રગટ થાઓ. ખરેખર નિઃસંદેહ અમારા ઉપર દયા થાય.

वि स्रुतयो यथा पथा इन्द्रत्वद्यन्तु रातयः ॥४३॥

(प्र ५. अ २. द ७ मं ७) **जीवोक्तिः**

(**इन्द्र**) सर्वेश (**त्वत्**) त्वत्तः (**रातयः**) दानानि (**वि**) विज्ञे, दानार्हे, विदुषि ब्राह्मणादौ योग्यभाजन इति यावत् यान्ति गच्छन्ति (**यथा**) तथा (**स्रुतयः**) स्वस्वविषयदेशं प्रतिगमनकारिणीन्द्रियाणि (**वि**) उत्तमत्वेन विश्रुतान् ख्यातान् (**पथा**) पथः मार्गान् सदध्वनः (**यन्तु**) व्रजन्तु भवत्करुणया संयतेन्द्रियाः स्यामिति भावः॥ (**स्रुतयः**) स्रु गतौ कर्तरि क्तिच्॥

હે ઇન્દ્ર! સર્વ શાસક! આપના તરફથી બક્ષીસો દાન યોગ્ય વિદ્વાનો પ્રતિ જાય છે. જેવી રીતથી પોતાના વિષય તરફ જનારી ઇન્દ્રિયો પ્રખ્યાત શ્રુતિ આદિ સારા માર્ગમાં વળે છે. તેવી રીતથી આપની કૃપાથી ઇન્દ્રિય પર નિગ્રહને અમે મનુષ્યો પ્રાપ્ત કરીએ.

ऊर्जा मित्रो वरुणः पिन्वतेडाः पीवरीमिषं कृणुही न इन्द्र।

प्र ५. अ २. द ७. मं ९. **जीवोक्तिः**

(**इन्द्र** ! (**मित्रः**) सूर्यः (**वरुणः**) जलाधिष्ठातृदेवः त्वं च सर्वे

यूयं (**ऊर्जा**) बलेन लक्षणया तद्वर्धकेन प्राणायामेन (**इडा**) इडोपलक्षितः सूर्यचन्द्रस्वरं (**पिन्वत्**) पुष्टिं नयत–पिन्वतिरत्र पोषण कर्मा किञ्च (**नः**) अस्माकं कृते (**पीवरम्**) प्रवृद्धाम् सर्वातिशायिनीम् (**इषम्**) इष्टाम्–समाधि सुख सम्पदम् (**कृणुहो**) कुरु संपादय अपि वा (**इन्द्र**) त्वं (**मित्रः**) (**वरुणः**) सर्वे यूयं (**उर्जा**) बलेन शक्त्या सह (**इडा**) ईड्यते स्तूयते प्रभुर्याभिस्ताः–भगवद्भक्तयः वैध्यनुरक्तिपराख्यास्ताः (**पिन्वत्**) प्रयच्छत सबलं स्वानुरागं वितरतेति भावः किञ्च (**पीवरीम्**) प्रवृद्धाम् पूर्णाम् (**इषम्**) इष्टाम्–स्वातंत्र्यलक्ष्मीं (**नः**) अस्मदर्थम् (**कृणुही**) साधय

હે ઇન્દ્ર ! મિત્ર સૂર્યદેવતા, વરૂણદેવતા, આપ સર્વ બળવડે એટલે તે વધારનાર પ્રાણાયમથી, ઇડાશબ્દથી સુચવાતા સૂર્યચન્દ્ર સ્વરની પુષ્ટિ કરો. અમારા માટે વૃદ્ધિ પામેલી સર્વથી શ્રેષ્ટ સમાધિ સુખની સંપત્તિ સંપાદન કરો.

આપ સર્વ દેવો શકિત સાથે ભકિત સહિત બળવાન પ્રેમને આપો. પૂર્ણ સ્વતંત્રતાને અમારા માટે સિદ્ધ કરો–પ્રાપ્ત કરો.

अयं सहस्रमानवोदृशः कवीनां मतिर्ज्योतिर्विधर्म
ब्रध्नः समीचीरुषसः समैरयदरेपसः स चेतसः
स्वसरे मन्यु मन्तश्चिता गोः ॥४७॥

(प्र ५ अ २. द ८. मं २) जीवोक्तिः

(**सहस्रमानवः**) असङ्ख्यातानुचरः (**दृशः**) मुमुक्षुभि र्द्रष्टव्यः योगिभिः समाधौ साक्षात्कारणीयः (**कवोनाम्**) मेधाविनाम् (**मतिः**) मननीयः आघर्नायः "बुद्धि र्बुद्धिमतामस्मी इति गीतावचनात्" प्रज्ञा वा कर्मणि भावे वा क्तिन् (**विधर्म**) विधारकः सर्वे नियन्ता (**ज्योतिः**) स्वयंप्रभा परमेश्वरः (**ब्रध्न**) परिवृढः संसारतरुमूलभूतो वा (**सचेतसः**) सहृदयस्य सदसद् विचार कुशलस्य गुरोः सम्बन्धिन्याः (**गोः**)

वेदवाचः (**स्वसरे**) दिवसे उपदेशावसरे यदास्मभ्यं गुरुर्वेदगिरमुपदिशति तदेत्यर्थः (**मन्युं**) मुधैव गतं मानुषं जन्म किमेभिः क्षणभङ्गुरैः पदार्थैः कान्ता पत्यस्नेहपाशबद्धोऽहं नाकार्षं कर्तव्यं न वाशक्नुवम् लब्धव्यं लब्धुं हा हन्त हतोस्मि मया मूढेन दुर्लभमानुषजन्मकलधौतदानेन कामिन्यादि संपर्कजविषयानन्द वराटकः क्रीतः प्रेतस्य मे का गति र्भविष्यति नूनं मामात्मसात् करिष्यति तपनतनवः। तन्निदेश गृहीत प्रचण्ड दण्डास्तद्भृत्याः स्वर्गपथं प्रतिष्ठासु मामधं चन्द्रयित्वा सुघोरं निरयनिलयं नेष्यन्ति पापकेन मया नार्जितो विवेकसाक्षात्कारो येन मुच्येय संसृति बन्धनादिति शोकं (**अन्तः**) चेतोमध्ये समुत्पन्नं (**समैरयत्**) समीरयति सम्यक् करुणया ब्रह्मसाक्षात्कारमुत्पाद्य क्षिपति निवारयति ततो भगवत्प्रसाद लब्धोत्साहेन मुक्तिसाधनार्जननिवृतान्तरायेण मया (**अरेपसः**) अविद्या तमो विरोधिन्यः (**समीचीः**) समीच्य समीचीनः उषसः अविद्यारजनी प्रभातस्थानीया ब्रह्माकार वृत्तयः (**चिताः**) सम्पादिताः॥ यद्वा (**सः**) देवः (**चेतसः**) चेतसि मनसि (**समीचीः**) समीचीनाः विशुद्धाः (**उषसः**) अभिलष्यमाणा अज्ञानान्धकार विनाशिन्यः शोभन प्रज्ञाः (**समैरयत्**) समीरयति सम्यग्गमयति इर गतौ कम्पेन चेति धातु पाठः! कीदृश्यः (**अरेपसः**) संशयादि पापवर्जिताः (**गोः**) सूर्यस्य (**स्वसरे**) दिवसे तदुपलक्षिते प्रकाशे (**मन्युमन्तः**) प्रकाशान्विताः विवेकान्वित चेतस्का इतियावत्। (**चिताः**) भवता संपादिताः॥ भवद्दयया कर्तव्यावसरे किं कर्तव्यता विमूढा न भवामः। अपि वा स्वसरे पारस्परिक संग्रामदिवसे (**मन्युमन्तः**) प्रकाशवन्तः दीप्तगात्रास्तेजस्विनः क्रोधयुक्ता वा सपत्नाः (**गोः**) सूर्यस्य तत्समस्य मम तेजसा **चिताः**) अपचिताः हीन तेजस्काः भवन्त्विति शेषः (**व्रध्नः**) वध बन्धने (**क्रि० प०**) ततो नक् प्रकृते र्वधादेशः (**बध्नाति**) प्रति बध्नाति तिमिरं बध्यते संबध्यते वा सकन्ध शाखादिभिः (**मन्युः**) मन ज्ञाने युच् मन्यते परिज्ञायतेऽसौ शोकः मन्यते दीप्यतेऽनेन मानवो (**मन्युः**) क्रोधः मन्यते दीप्ति कर्मणो युजिति देव राजः भावेतु मननं प्रकाशः (**स्वसरे**) स्वसरं दिनं स्वयेनात्मना सरति

गच्छति स्वशब्दोपपदात सरतेरच् अथवा स्वरादित्यः सरति अन्तर्भावितण्यर्थः, आदित्येन सार्यते गम्यते स हि सो दयास्तमयाभ्यां तद् गमयति स्वस्यते वा सूर्योहि दिवसं क्षिपतिसुपूर्वात् असु क्षेपणे (द्दि० ५०) इत्यस्मादौणादिकोऽरच् एवमेवायं शब्दोदेवराजेन व्याख्यातः

અગણિત સેવકોવાળા, મુમુક્ષુઓથી જોવા લાયક, યોગીઓવડે સમાધિમાં સાક્ષાત્કાર કરવા યોગ્ય, બુદ્ધિશાળીઓને પ્રશંસાપાત્ર અને તેમની બુદ્ધિરૂપ, વ્યવસ્થા કરનાર સર્વનિયામક સ્વયંપ્રકાશ પ્રભુ સમર્થ અગર સંસારરૂપી ઝાડના મૂળરૂપ, પરમાત્મા સહૃદયગુરૂ—સદ્ અસદ્દના જાણકાર ગુરૂની વેદવાણીના ઉપદેશ વખતે અંતઃકરણમાં ઉત્પન્ન થએલા શોકને બ્રહ્મસાક્ષાત્કારથી દૂર કરે છે. પછી ભગવાનની મહેરબાનીથી ઉત્સાહિત બનીને નિર્વિઘ્ન મુક્તિના સાધનને પ્રાપ્ત કરીને અવિદ્યારૂપી અંધકારને દૂર કરનાર તથા અવિદ્યારૂપી રાત્રીના સવાર બ્રહ્માકારવૃત્તિઓ સંપાદન કરે છે.

અથવા તે દેવ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર હોઈ મનમાં વિશુદ્ધ સારી બુદ્ધિને ઉત્પન્ન કરે છે. તે બુદ્ધિ સંશય રહિત છે, અથવા સુર્ય સંબંધી દિવસમાં એટલે પ્રકાશમાં પ્રકાશપૂર્ણ ચિત્તવાળા આપે અમને બનાવ્યા છે. આપની દયાથી કર્તવ્ય પરાયણ થવા વખતે અમો "કિંકર્તવ્ય મૂઢ" શું કરવું એવા સંદેહમાં પડીએ નહિ. અગર સંગ્રામમાં પ્રકૃષ્ટ બળવાળા ને તેજસ્વી ક્રોધાયમાન શત્રુઓ સૂર્યના જેવા તેજવાળા મને જોઇને નિસ્તેજ થાય એટલે મને એવું તેજ આપો કે જેથી સંગ્રામમાં કોઈ પણ શત્રુ નિસ્તેજ બની સામો થઈ શકે નહિ.

* તા. ક. મારો મનુષ્યજન્મ વ્યર્થ ગયો, ક્ષણભંગુર સ્ત્રીપુત્રની સ્નેહજાળમાં ફસી પડેલા મેં કર્તવ્ય કર્યું નહિ. પ્રાપ્તવ્ય વસ્તુની પ્રાપ્તિ કરી નહિ, દુર્ભાગ્યની વાત છે કે હું માર્યો ગયો, મૂર્ખ મેં દુર્લભ મનુષ્યજન્મરૂપી ચાંદી સોનું આપીને કામિની આદિ વિષય સુખની કોડીઓ ખરીદી. મરણ પછી મારી શી દશા થશે? અરે મને યમરાજ કબજામાં લેશે. તેના હુકમ માનનાર ભયંકર દંડવાળા તેમના

નોકરો, સ્વર્ગમાં જવાની ઇચ્છાવાળા મને ગરદનથી ખેંચીને ઘોર નરકમાં ચોક્કસ લઈ જશે. પાપી એવા મેં વિવેક સાક્ષાત્કાર ન કર્યો કે જેથી હું મોક્ષ પામું. આવા પ્રકારનો શોક થાય છે તે.

उत्त ार्चिकम्

प्रथमः प्रपाठकः वा० सा०

इन्द्र जुषस्व प्रवहायाहि शूर हरिह ॥
पिबा सुतस्य मति र्न मधोश्चकान श्चारुर्मदाय ॥४६॥

प्र ३. अ १. सू २२. ऋ १

(**इन्द्र**) परमात्मन् ! (**प्रवह**) प्रकृष्टमभीष्टं मोक्ष सुखमस्मानुपासकान् प्रापय किञ्च (**शूर**) विघ्ननिराकरणसमर्थ (**जुषस्व**) अस्मदभ्यर्थन वाक्यं सेवस्व स्वीकुरुष्व (**हरिह**) हरिंदुष्टाहिं यमुना मध्यगं हन्तिगच्छति दमनाय कृष्ण वपुषीतिहरिहः कालीयाख्यसर्वं वशीकर्ता कृष्णः तत्सम्बोधने हरिह कृष्ण ! अथवा हरिणेन्द्रेण हायते गम्यते विपत्समये तत्संबुद्धौ हरिह इन्द्र रक्षक ! हरिपूर्वात्–ओहाङ्गतौ (जु० आ०) इत्यस्मात् कर्तरि कर्मणि वा कः ॥ (**आयाहि**) आगच्छ अस्मच्चेतसि प्रादुर्भव तत्र द्रष्टान्तः (**मतिर्न**) सुबुद्धिरिव यथा शोभना बुद्धिर्मनसि प्रादुर्भवति तथा त्वं प्रादुर्भवेति भावः (**सुतस्य**) सुतानां पुत्राणामस्माकं **मधोः**) माधुर्योपि तस्य प्रार्थना वचसः (**चकानः**) इच्छन् तेन तृप्यन्वा मदाय अस्मदाह्लदाय (**आपिब**) सस्पृहं मामकीनंमधुरवचो रसमास्वादय येन स्यादस्माकं महान् प्रमोद इति भावः ॥

હે ઇન્દ્ર પરમાત્મન્ ! અમો ઉપાસકોને ઇચ્છિત એવો મોક્ષ આપો હે શૂર ! વિઘ્ન દૂર કરનાર ! અમારૂં પ્રાર્થનાવચન સ્વીકારો. હે કાલીયનામના સાપને વશ કરનાર કૃષ્ણ અથવા વિપત્તસમયે જેની પાસે દેવરાજ દોડી જાય છે તેવા રક્ષક દેવ. અમારા ચિત્તમાં જેવી રીતથી સદ્બુદ્ધિ પ્રગટ થાય છે તેવી રીતથી આપ પ્રગટ થાઓ. અમો આપના પુત્રોનાં પ્રાર્થનાવચનો તૃપ્તિપૂર્વક પીઓ–સાંભળો જેથી; અમોને ઘણો જ હર્ષ થાય.

इन्द्र जठरं नव्यं न पृणस्व मधो र्दिवोन ।
अस्य सुतस्य स्वा॒ऽ३र्नोप त्वामदाः सुवाचो अस्थुः ॥४७॥

प्र ३. अ १. सू २२. ऋ २ जीवोक्तिः

(**नव्यं**) (**जठरम्**) मनो लक्षणं भवद्दिदृक्षाक्षुत्पीडितं तत्रोपमानं (**नव्यं**) नवतरं शिशुमिव यथा जननी पयः पायित्वा शिशोः उदरं पूरयति तथेत्यर्थः (**दिवः**) दिव्येन मधोः मधुना (**न**) इव दिव्य मधु सदृश्येनाति भक्ति रसेन (**पृणस्व**) पूर्यस्व (**स्वर्न**) सूर्यस्य इव (**अस्य**) भवदनुरक्तस्य (**सुतस्य**) पुत्रस्य मम (**मदाः**) प्रमोदिकाः (**सुवाचः**) शोभनः सुख बहुलाः वाचो वचांसि उपत्वा तव समीपे (**अस्थुः तिष्ठेयुः**) व्यत्येन लिङर्थे लुङ् भवत्प्रसादादस्माकं प्रार्थना वाचः सत्या भवन्तु स्वाभीष्ट फललाभोदिति भावः ॥

હે ઇન્દ્ર! જેવી રીતથી નવા જન્મેલા બાળકનું ઉદર માતા દૂધ પાઇને પુરે છે તેવી રીતથી આપના દર્શનની ઇચ્છારૂપી ભુખથી પીડાતા અમારા મનમાં દિવ્ય ભક્તિરસને આપ ભરો. સૂર્યની માફક આપના ઉપર પ્રીતિવાળા અમો પુત્રોની આનન્દદાયક વાણી એટલે પ્રાર્થનાનાં વચનો આપની પાસે આવો.

આપની કૃપાથી અમારા પ્રાર્થનાનાં વચનો સત્ય થાઓ, ને ઇચ્છિત વસ્તુઓ અમો પામીએ.

इन्द्रस्तुरापाण्मित्रो न जघान वृत्रं यतिर्न ।
बिभेद बलं भृगुर्न ससाहे शत्रून् मदे सोमस्य ॥४८॥

प्र ३ अ १. सू २२. ऋ ३ जीवोक्तिः

(**इन्द्र**) ईश्वरः (**तुराषाट्**) सद्यः स्वभक्त सपत्नाभिभावकः (**मित्रोन**) सुहृदिव पुंस्त्वं छान्दसं (**यतिर्न**) परिव्राडिव रतीति शेषः (**वृत्रम्**) स्वान्ताच्छादकम् अज्ञान शत्रुं (**प्रघान**) हन्ति प्रत्यादिशति (**बलम्**) तदीयम् कामक्रोधादि सैन्यं (**बिभेद**) विशेषेण भिनत्ति इतस्ततो विद्रावयति तत्र निदर्शनं (**भृगुः**) स्वरश्मिभिः सस्यादिभर्जकः सूर्यः (**न**) इव यथा

सूर्योऽन्धकारं निरस्यति तथेत्यर्थः (**सोमस्य**) सोम्यस्य प्रियदर्शनस्य सोपासकस्य मम (**मदे**) मोह निमित्तं (**शत्रून्**) उपासन परिपन्थिनः समस्तान वन्तरायान् (**ससाहे**) अभिभति विधूनयति–विनाशयति इत्यर्थः ॥

હે ઇન્દ્ર! મિત્રની માફક પોતાના ભક્તોના દુશ્મનોને હઠાવનારા આપ છો. યોગીની માફક વર્તતા, પોતાના રૂપને ઢાંકનાર, અજ્ઞાન રૂપી શત્રુનો આપ નાશ કરો છો. ધાન્યાદિને ભેદનાર સૂર્ય પોતાનાં કિરણોથી અન્ધકારને ભેદી નાખે છે તેવી રીતથી આપ શત્રુઓનો નાશ કરો છો, આપનું દર્શન જેને પ્રિય છે એવા આપના અમો ઉપાસકોની ઉપાસનામાં અડચણ કરનાર મોહ નિમિત્ત શત્રુનો આપ નાશ કરો.

द्वितीय प्रपाठकः वा० सा०

प्रवोर्चोप ॥४९॥

प्र ४. अ १. सू २४ ऋ १.

चतुरक्षरेयम् भो मदनुरागिणः यूयं माम् उपगच्छत मनसा ध्यायत प्र (**प्रकर्षेण**) (**अर्च**) अर्चत पुष्पादिभिः पूजयत (**वः**) युष्मान् अनुग्रहीष्यामि मदनुग्रहेण भवन्तो अवश्यं माम्–साक्षात्कारेण लप्स्यंते ॥

અયિ મારા પ્રેમી મનુષ્યો! મારી પાસે તમે આવો; મનથી મારૂં ધ્યાન કરો. પુષ્પ વિગેરેથી ઘણું જ પૂજન કરો. હું તમારા ઉપર કૃપા કરીશ જ મારી કૃપાથી તમોને મારો સાક્ષાત્કાર થશે જ.

तृतीय प्रपाठकः वा० सा०

पावमानीः स्वस्त्ययनीः सुदुघाहि घृतश्चुतः ।

ऋषिभिः संभृतो रसो ब्राह्मणेष्वमृतं हितम् ॥५०॥

प्र ५. अ. २. सू ८. ऋ ३. जीवोक्तिः

(**पावमानी**) पावमान्यः पाविकाः पाठ मात्रेणापि पाप पुञ्ज निरासकतया मनः शोधिकाः (**स्वस्त्यनीः**) क्षेम सदन भूता अवश्यं कल्याण प्रदायिकाः विभक्ति व्यत्ययश्छान्दसः (**सुदुघा**) मनोर्थ पूरिकाः (**घृतश्चुत**) घृतम्

प्रदीप्तं प्रवृद्ध भवत्प्रणयं श्चोतन्ति क्षारयन्ति प्रयच्छन्ति इति घृतश्चुतः नितान्त प्रीति वर्धिका त्वदुपदिष्टा वेदवाचः सन्ति इति शेषः ऋषिभिः वेदविद्भिः (**रसः**) तासां वेदरुचां सारः त्वदनन्य भक्तिरुपः (**संभृतः**) सम्यक् संशय विपर्यय राहित्येन भृतः धृतः गृहीतः अवधारितः प्रमितित्यर्थः (**ब्राह्मणेषु**) ब्रह्मणो बृहतस्तव भक्तेषु उपासकेषु (**अमृतम्**) विनाशवर्जितं तत्फलं कैवल्यं (**हितम्**) निहितं पुरस्तादेव स्थापितं वेदोपदेशसार भक्ति भाजोऽनायासेन त्वदनुग्रहात्सद्यो मुक्तिं समासादयन्ति–इति भावः ।

यद्वा (**रस**) प्रणवः छान्दोग्ये तस्य रसतमत्व प्रतिपादनात्, वेदसार प्रणवः, जप्यस्तदर्थश्च ध्यातव्यः "तज्जपस्तदर्थ भावनमिति योग सूत्रम् 'इदमेवचेश्वर प्रणिधानं' 'ब्राह्मणेषु ब्रह्मवेद स्तत्पाठकेषु' इति सायणः वेदपारायणस्य कैवल्य साधनतेति तदभावः । घ्रियते, सिच्यते, आर्द्री क्रियते, हृदयं येन तद् घृतं, प्रेम, अतःएव घृत प्रेमणोः एकेन स्नेह शब्देन व्यपदेशः यद्वा घृतम् जलं कपटादि स्वान्त पाप मल क्षालकत्वेन साम्यात् प्रेमापि जलं ॥

પાઠ કરવાથીજ પાપના ઢગલાને ખસેડી નાખી મનની શુદ્ધિ કરનાર, કલ્યાણને આપનારી, મનોરથને પરિપૂર્ણ કરનારી, આપના જ્વલંત પ્રેમને ઘણો જ વધારનારી, આપે જેનો ઉપદેશ કર્યો છે તેવી, વેદવાણીઓ છે. તે રસ, આપની અનન્ય ભક્તિરૂપ સાર નિઃસંદેહ-રીતે ઋષિઓએ ગ્રહણ કર્યો છે. આપના ભક્તોમાં અમર કૈવલ્યરૂપી અમૃતને પ્રથમથી તમે સ્થાપ્યું છે.

વેદના ઉપદેશથી આપની ભક્તિ કરી, શ્રમ વિના આપની કૃપાથી એકાએક મુકિતને પામે છે. વેદનો સાર ૐકાર છે તેનો જપ અને ધ્યાન અવશ્ય કરવાની આજ્ઞા છે.

ઘૃત=હૃદયને દ્રવીભૂત કરનાર એટલે પ્રેમ એવા અર્થમાં સ્નેહ અગર કપટ વિગેરે અન્તઃકરણના મેલને ધોનાર પાણી એવો અર્થ પણ નીકળે છે.

पावमानी र्दधन्तु न इमं लोकमयो अमुम् ।
कामान्समर्द्धयन्तु नो देवी र्दे वैः समाहृताः ॥५१॥

प्र ५. अ २. सु ८. ऋ ४

(**देवैः**) विद्वद्भिः उपासकैः समाहृताः यथा शक्यमनुष्ठान भुमिमारोपिता (पावमानीः) पवित्राः (**देवैः**) दिव्या भवदादिष्टया (**इमम्**) भुलोकं (**अथो**) अपि (**अमुम्**) परलोकं (**दधन्तु**) दृढी कुर्वन्तु किञ्च (**नः**) अस्माकं कामान् काम्यमानान् तपः समुपासन समाधि (**समर्धयन्तु**) उत्तरोत्तर वृध्धेः परां काष्ठां नयन्तु ।

વિદ્વાન ઉપાસકો વડે એકત્ર કરવામાં આવેલા પવિત્ર આપની આજ્ઞાથી આલોક અને પરલોકને દૃઢ કરો; વળી અમારાં મનોવાંચ્છિત તપ અને સમાધિને ઉત્તરોત્તર વધારી છેલ્લી સ્થિતિમાં પહોંચાડો.

येन देवाः पवित्रणात्मानं पुनते सदा ।
तेन सहस्र धारेण पावमानीः पुनन्तु नः ॥५२॥

(प्र ५. अ २, सू ८ ऋ ५) जीवोक्तिः

(**देवा**) तत्तुल्याः भवदुपासकाः (**पवित्रेण**) रजस्तमो मलापहारकेण समुद्रक्त सत्वेन (**येन**) धर्ममेघ समाधिना आत्मानं (**पुनते**) प्रकृतितो विविक्तां कुर्वन्ति प्रकृति संभेदादपनयन्ति विशुद्ध स्वरुपे परिणामित्वादि वर्जिते निष्क्रिया संगे स्थापयन्न्ति तेन सहस्र धारेण सहस्रस्य परमात्मनः धारकेण ध्येयतयाऽवभासकेन सहस्रेण जन्मभिः धार्यमाणेन साध्येन बहु जन्म लभ्येन वा धर्ममेघ समाधिना (**पावमानीः**) पावनाः पवित्राः त्वदाज्ञसयः (**नः**) अस्मान् पुनन्तु प्रकृतितः पृथक्कृत्य (विशुध्धे परमात्मनि स्थापयन्तु विवेक ख्याति प्रापयन्तु धर्ममेघ श्चोपवर्णिता पतंजलिना "प्रसंख्यानेऽप्यकुसीदस्य सर्वथा विवेक ख्याते धर्म मेघः समाधिः" इति सूत्रेण तदर्थ्य प्रसंख्यानं प्रकृष्ट ज्ञानं विवेक साक्षात्कारस्तत्र कु कुत्सितेषु

विषयेषु सीदति कुसीदो रागः तद्विरहितोऽकुसीदः विरक्तस्तस्य सर्वथा सर्वप्रकारेण रजस्तमो मलापगमात् विवेकख्यातेरुदयात् धर्ममेघ समाधिर्भवति धर्मस्य कैवल्यमुलस्यऽशुक्लाकृष्णस्य मेहकत्वात् सेचकत्वात् संज्ञैषा तत्समाधेः ॥ यदा प्रसंख्यानात् विरक्तः सन् धर्ममेघं समाधिं लभते तदा पर वैराग्योदयेन प्रसंख्यानमपि निरुध्यात इति भावः

દેવતુલ્ય તમારા ઉપાસકો રજને તમે રૂપી મળને નાશ કરનાર સત્વપ્રધાન, જે ધર્મમેઘ સમાધિવડે આત્માને પોનાની પ્રકૃતિથી ભેદભાવથી બહાર લાવી ખુલ્લો કરે છે—વિશુદ્ધ, સ્વસ્થ, પરિણામ-રહિત નિષ્ક્રિયના સંગમાં સ્થાપે છે. પરમાત્માને ધારણ કરનાર અનેક જન્મથી મેળવી શકાય તેવી ધર્મમેઘ સમાધિથી પવિત્ર એવી આપની આજ્ઞાઓથી અમને પ્રકૃતિથી જુદા પાડી વિશુદ્ધ પરમાત્માની પાસે લઈ જાઓ ધર્મમેઘ સમાધિનું વર્ણન પાતંજલી યોગમાં છે. વિવેક સાક્ષાત્કાર અને રાગાદિ મળના નાશ થયેલા હોય તો આ સમાધિ પ્રાપ્ત કરી શકાય છે. તેવો અર્થ છે.

पावमानीः स्वस्त्ययनी स्ताभिर्गच्छति नान्दनम् ।
पुण्याँश्च भक्षान् भक्षयत्यमृतत्वं च गच्छति ॥८३॥

प्र ५. अ २. सू ८. ऋ ६ जीवोक्तिः

भगवन् भवदुपदेश वाचः (**पावमानीः**) पावमान्यः पवमानः पाविकाः पवित्राः पाठमात्रेण विविधभव भावित पाप पुञ्ज निराकरणान् मनसः शोधिकाः (**स्वस्त्ययनीः**) स्वस्त्ययन्यः स्वस्तीति भद्रनाम तस्य प्रापिकाः वर्तन्त इति शेषः ताभि पूर्वोक्ताभि भवदुपदेश वाग्भिस्तदनुरुपं व्यवहरन् नान्दनं नन्दयति समरधयंति विवेक ख्यातिं पुष्णाति इति नन्दमः समाधिः ततो वैराग्यं वा तत आगतः प्राप्तो लब्धः पर वैराग्यमसंप्रज्ञातो वा तं । "ततागत इति अणू" गच्छति प्राप्नोति

पुण्यान्) पुण्यंपवित्रं (**भक्षान्**) भक्षं भोग्यमास्वादनीयं स्वात्मा नन्दं छान्दसमधिकारि भेदो वा,ऽधिकंवा, बहुत्वं (**भक्षयति**) भुंक्ते अनु-

भवति जीवितावस्थायामिति शेषः (**अमृतत्वम्**) मोक्षं विदेह मुक्ति गच्छति देहपातादूर्ध्वं लभते। अपि वा नन्दनम् (**स्वर्ग**) नन्दयति नन्दनःततः "स्वर्गऽर्थेकोऽण" (**पुण्यान्**) सुकृदर्जितान् (**भक्षान्**) दिव्य भोगान् भक्षयति आस्वादर्याति भवन्निदेश काही भुक्ति मुक्ति च व्रजती त्यर्थः ॥

હે ભગવન્ ! આપના ઉપદેશની વાણી પાઠ માત્રથી પાપના ઢગલાને દૂર કરી મનને શુદ્ધ કરનારી ભદ્રને કલ્યાણની પ્રાપ્તિ કરાવનારી છે. આપના ઉપદેશની વાણી વડે તેના યોગ્ય આચરણ કરનાર માણસ વિવેક ખ્યાતિ ને પોષણ કરનાર નન્દન સંપ્રજ્ઞાત સમાધિને અને તેનાથી વૈરાગ્યને પ્રાપ્ત કરે છે. ને તેથી તે વૈરાગ્યથી અસંપ્રજ્ઞાતને પ્રાપ્ત કરે છે. પવિત્ર ભોગવવા લાયક આત્માના આનન્દને ઘણોજ અનુભવે છે. (આજીવન દશામાં) મરણ પછી મોક્ષને એટલે વિદેહ મુકિતને પ્રાપ્ત કરે છે.

બીજા અર્થમાં. નન્દન એટલે સ્વર્ગને પુણ્યથી મેળવેલા ભોગોને ભોગવીને આપની આજ્ઞા પ્રમાણે વર્તનાર માણસ મુકિતને મેળવે છે.

अग्ने विश्वेभिरग्निभिर्जोषि ब्रह्म सहस्कृत ।
ये देवत्रा य आयुषु ते भिर्नो महया गिरः ॥५४॥

प्र ७. अ १. सू ६. ऋ १ जोवोक्तिः

(**सहस्कृत्**) सहसा अनन्यप्रेम बलेनात्मसात्कृत (**अग्ने**) तदात्मना-वतिष्ठमान प्रभवो (**विश्वेभिः**) सर्वैः (**अग्नभिः**) तत्तद्दशैस्तेजस्वीभिः तैस्तै रुपैः राम कृष्णादिभिः (**ब्रह्म**) बृहद् ब्रह्मपुरं वा हृदयं मामकीनं (**जोषि**) जुशाष्व आश्रयस्व मम मनसि विराजस्व । किञ्च देवत्रा देवेषु ये तेजो विशेषो (**आयुषु**) मनुष्येषु (**ये**) ये तेजो विशेषाश्च (**तेभिः**) तै तेजोभिः (**गरः**) गिरा वेद वाग लक्षणया विद्यया च (**महया**) प्रशस्तान् कुरु (**नः**) अस्मान् अथवा (**महया**) महत्या, गिरा सर्वोत्तमया

गिरा प्रणव लक्षणया वाचा आहुत इति शेषः देव मनुष्य वर्ति शक्ति विद्याभ्यां माम् सर्वोत्तमं कुरु देवेषु इन्द्रियेषु आयुषु अवस्था भेद भिन्नेषु प्राणनेषु समस्तायुषि इत्यर्थः इहामुत्रचश्रैष्ठयाय यदिन्द्रिय बलं समस्तजीवन बलं वापेक्षितं तद्दानेन अस्मान् श्रेष्ठतां प्रापयेत्यर्थः। आयवो मनुष्यां इण् गतौ (अ॰ प्र॰) तस्मादुण प्रमाद् ग्रामान्तरं गच्छन्ति इति देवराजः

અનન્ય પ્રેમબળથી સ્વાધીન કરવામાં આવેલા હે અગ્નિદેવ સર્વ તેજસ્વી રામકૃષ્ણાદિ રૂપો વડે બૃહદ્ બ્રહ્મરૂપ મારા મનમાં આપ વિરાજમાન થાઓ. દેવ અને મનુષ્યોના તે તેજો વડે વેદવાણીના લક્ષણ વાળી વિદ્યાવડે અમને પ્રખ્યાત કરો અથવા ૐકાર રૂપી વાણી વડે બોલાવાના આપ દેવને મનુષ્યમાં રહેલી શક્તિ અને વિદ્યા વડે અમને સર્વોત્તમ બનાવો.

આ લોક અને પરલોકમાં ઊત્તમ પદ મેળવવા સારૂ ઇન્દ્રિયના બળને તથા સમસ્ત જીવનબળને આપીને પ્રભુ આપ અમને શ્રેષ્ઠ બનાવો.

चतुर्थः प्रपाठकः वा॰ सा॰

प्रसविश्वे भिरग्निभिरग्निः स यस्य वाजिनः।
तनये तोके अस्मदा सम्यङ् वाजैः परीवृतः ॥७७॥

प्र ७. अ १. सू ६. ऋ २. जावोक्तिः

(**यस्य**) विश्वम्भरस्य करुणया (**वाजिनः**) वयं वलिनो प्रभवामः जीवाम इत्यर्थः (**सः**) एवं विधः (**अग्नि**) अग्रणी परमात्मा विश्वेभिरग्निभिः सर्वै स्तेजो विशेषैः सहितः रामकृष्णादि वपुभिरुपेतो वा (**अस्मत्**) (**अस्मासु**) सुपामिति सप्तम्यालुक् (**तनये**) पुत्रे (**तोके**) तत्पुत्र संतता वित्यर्थः (**सम्यक्**) यथासमयं कालानतिक्रमेण (**आ**) आगच्छन्तु कीदृशाः वाजैः बलैः नानक्रिया जीवनवलैः परिवृतः। परिवेष्टितः अस्मद्वंशे त्वद्भक्ति विच्छेदो माभूदिति प्रार्थ्यते.

જે વિશ્વંભરના કરૂણાથી અમો બળવાન થઇએ છીએ તે અગ્નિ અગ્રણી પરમાત્મા, સર્વ તેજોથી યુક્ત અગર કૃષ્ણાદિ શરીરવાળા

અમારા અને અમારા પુત્રોના તરફ યોગ્ય સમયે જ્ઞાનક્રિયા અને જીવન બળ સહિત આવો.

અમારા વંશમાં આપની ભક્તિ તુટે નહિ તેવી પ્રાર્થના છે.

पञ्चमः प्रपाठकः वा० सा०

सुमन्मा वस्वी रन्ती सूनरी ॥५६॥

प्र ८. अ १. सू १४. ऋ १ जीवोक्तिः

परमात्मन् मदीयो निर्विकार समाधि विशेषो वैशारद्यं गतः (**सुमन्मा**) शोभन ज्ञान जनक ऋतंभराख्य प्रज्ञोत्पादको भवतु "ऋतंभरा तत्र प्रज्ञेति" योगसूत्रम् तत्र तस्मिन्निर्विचार वैशारद्ये ऋतं सत्यं सर्वेषां भावानां यथार्थ स्वरूपं विभर्ति विषयत्वेन धारयति समस्त वस्तु तत्त्व गोचरा ऋतंभरा पज्ञा भवतीति तदर्थः। किञ्च मदीयौ कुम्भक, रेचक, पूरकाख्यप्राणायामप्रत्याहारौ (**वस्वी**) वसु–धनं वसत, आच्छादयति तिरोभावयति दारिद्र्यं तद्वन्तौ लक्षणया धर्ममेघ समाधि लक्षण धन दायितौ वसु शब्दान्मत्वर्थ छन्दसि विनियौचेति ई प्रत्ययः विभक्तेः पूर्व सवर्णः (**रन्ती**) निर्विकल्पक समाधौ रमयितारौ रमेरण्यन्तात्कर्तरि क्तिच् (**सूनरी**) सुनेतारो शोभनस्य त्वत्स्वरुपस्य प्रापकौ सुपूर्वात् नृनये (**क्र० प०**) इत्यस्मादिन् प्रत्ययः

હે પરમાત્મન્! મારી નિર્વિચાર નામની સમાધિ ઉત્તમતાને પામીને સુંદર જ્ઞાનને આપનાર એટલે ઋતંભર નામની પ્રજ્ઞાને ઉત્પન્ન કરનાર બનો.

નિર્વિચાર વિસ્તૃત બને તો. સર્વ ભાવના ઋતં એટલે સત્ય ભાવને પૂર્ણ સ્વરૂપથી બતાવે છે તે ઋતંભર પ્રજ્ઞા નામથી ઓળખાય છે તેમ યોગ સુત્રમાં છે. વળી મારા કુંભક રેચક પૂરક નામના પ્રાણાયામો અને પ્રત્યહારો દારિદ્રયને નાશ કરનાર ધનને આપનાર બનો. તાત્પર્ય ધર્મમેઘ સમાધિના લક્ષણવાળા ધનને આપનાર નીવડો, નિર્વિકલ્પ સમાધિમાં રમનારાઓ આપના સુંદર રૂપને પ્રાપ્ત કરનાર બને છે.

सरूप ! वृषन्ना गहीमौ भद्रौ धुर्यावभि ।
ता विमा उप सर्पतः ॥५७॥

प्र ८. अ १. सू १४. ऋ २ जीवोक्तिः

(**सरुप**) समान रूप सदैकरसजगदीश्वर (**वृषन्**) सोपासकाभिष्ठ वर्षक (**भद्रौ**) समाधि सुखप्रदौ (**धुर्यौ**) मुख्यौ (**अभि**) त्वामभिगमयितारौ इमौ प्राणायामप्रत्याहारौ (**आगही**) आगच्छ अङ्गीकुरु सफलयेति यावत मतः (**तौ इमौ**) उपसर्पतः निःशंसव्यं त्वत्समीपं नयताम्

હે પ્રભુ ! હંમેશાં એકરૂપ પોતાના ભક્તોને ઇચ્છિત આપનાર, સમાધિનું સુખ આપનાર મુખ્ય, આપના તરફ લાવનારા પ્રાણાયમ અને પ્રત્યાહારને સફળ કરો તે બન્ને નક્કી અમને આપની સમીપ લાવે છે.

नीव शीर्षाणि मृढ्वं मध्य आपस्य तिष्ठति ।
शृङ्गेभिर्दशभिर्दिशन् ॥५८॥

प्र ८. अ १. सू १५. ऋ ३ ईशोक्तिः

अयि साधकाः ! यूयं आपस्व कर्मभिप्राप्यमाणास्य देहस्य (मध्ये) अन्तः तिष्ठति वर्तते यन्मनस्तत् (**शीर्षाणि**) शिरान्सि लक्षणया तत्स्थानि चक्षुरादिन्द्रियाणिच. (**नीमृड्मिव**) शोधयध्वं मनराहितं सकलेन्द्रियं प्रत्याहारेण वशी कुरुध्वं मुख्य मार्जनं पात्रादेरेव संभवति न तु सेन्द्रियस्य-मनसः वशीकरणमेव मार्जनमिति सूचयतुमिव शब्दः चाञ्चल्य मलापकरण साम्यात् । कैः साधनैः (**शृङ्गेभि** शृंगैः योग मुख्यैः दशभिः पञ्चभिः यमैः पंचभिर्नियमैश्च (**दिशन्**) दिशन्तः मयि मनः प्रयच्छन्तः अनन्य भावेन माम् ध्यायन्तः साक्षात्कुरुतेति शेषः ।

અયિ સાધકો ! સ્વકર્મથી પ્રાપ્ત કરતા દેહમાં રહેનાર મન, મસ્તક એટલે ઇન્દ્રિય, ચક્ષુ વિગેરે ને શુદ્ધ કરી પ્રત્યાહારથી વશ કરો. ચંચલત્વાદિ મળને સાફ કરો. યોગનાં મુખ્ય યમનિયમાદિ સાધનો વડે મારા વિષે મનને જોડો ધ્યાનથી મારો સાક્ષાત્કાર કરો.

ઇન્દ્રિય સહિત મનને વશ કરવું તે માર્જન છે. આ માર્જનનું સૂચક "ઇવ" શબ્દ છે;

ऋतावानं वैश्वानर मृतस्य ज्योतिषस्पतिम् ।
अजस्रं धर्ममीमहे ॥ ५९ ॥

प्र ८. अ २ सू १९. ऋ १ जीवोक्तिः

(**ऋतावनम्**) अवश्य भावि फलत्वेन ऋतं सत्यं वेद विदितं यज्ञादि कर्म तद्वन्तं तदध्यक्षं तत्फल प्रदातारं अनाद्यनन्तस्वरुपं वा (**वैश्वानरम्**) विश्व नियन्तारं (**ऋतस्य**) सत्यस्य (**ज्योतिषः**) सूर्यादि पतिं स्वामिनं स्वप्रकाशमनुप्रकाशयितारं "तमेव भान्तमनुभाति सर्वं तस्यभासा सर्वमिदं विभाति इति श्रुतेः (**अजस्रम्**) सन्ततम् अनादित्वाद्विच्छेदवर्जितं धर्म धारकं जगदाधारम् (**त्वामीमहे**) (**ईमहे**) प्रार्थयामहे.

અવશ્ય ભાવિફળ વાળા વેદમાં જણાવેલા યજ્ઞાદિ કર્મનું ફળ આપનાર આદિને અંત રહિત સ્વરૂપવાળા, વિશ્વને કાબુમાં રાખનાર સૂર્યના, તેજના સ્વામીના, પોતાના જ પ્રકાશને પ્રકાશાવનાર, જગત્ ને ધારણ કરનાર ને આધારરૂપ આપના દર્શનની અમો પ્રાર્થના કરીએ છીએ.

य इदं प्रति पप्रथे यज्ञस्य स्वरुतिरन् ।
ऋतूनुत्सृजते वशी ॥६०॥

प्र ८. अ २. सू १९. ऋ २ ईशोक्तिः

अयिजीव (**यज्ञस्य**) योग यज्ञस्य (**स्वः**) सुखं आत्मदर्शन लक्षणं फलम् (**उत्तिरन्**) वितरन् ददत् (**इदं**) जगत् प्रति यः परमेश्वरः पप्रथे प्रख्यातः जगति प्रसिद्धिंगतः सः (**वशी**) परमात्मतया वशी कर्ता (**ऋतून्**) योग यज्ञोपयुक्तान् समयान् उत्सृजते निर्मिमीते येन योग यज्ञं विधाय माम् द्रष्टुं क्षमन्ते इति वेति शेषः

અરે જીવો ! યોગ યજ્ઞના સુખ (આત્મદર્શન લક્ષણવાળા ફળ) ને આપતા આ જગત્માં પ્રખ્યાતિ પામેલાને વશ કરનાર પ્રભુ યોગ યજ્ઞને અનુકુળ સમયને ઉત્પન્ન કરે છે જેના વડે યોગ યજ્ઞને કરીને મને જોવાને શક્તિમાન બનો.

अग्निः प्रियेषु धामसु कामो भूतस्य भव्यस्य ।
सम्राडेको विराजति ॥६१॥

प्र ८. अ २. स्न १२ ऋ ३ ईशोक्तिः

अयि जन्तो (**प्रियेषु**) आपातरम्येषु (**धामसु**) त्रिषु पृथ्व्यन्तरिक्षद्युलोकेषु (**अग्निः**) अग्रणी (**कामः**) कमनीयः सर्वस्पृहणीयः (**भूतस्य**) अतीतस्य (**भव्यस्य**) भाविनः भविष्यतः वर्तमानस्य च जगतः (**सम्राट्**) स्वामी (**एकः**) अद्वितीयः विराजति विशेषेण दीप्यते तं मामू पश्येति वाक्यशेषः

અયિ પ્રાણિઓ ! શરૂઆતમાં રમ્ય ત્રણ લોકોના ધામમાં અગ્રણી, મનોહર ભૂતભવિષ્ય વર્તમાન જગતના સમ્રાટ્—મને જુઓ.

षष्ठ प्रपाठकः वा० सा०

अग्निरिन्द्राय पवते दिवि शुक्रो विराजति ।
महिषीव विजायते ॥६२॥

प्र ९. अ २. सू ४. ऋ १ जीवोक्तिः

(**अग्निः**) परमेश्वरः (**इन्द्राय**) इन्दम् आत्मानं जीवं (**पवते**) पुनाति स्वप्रणिधान संजात करुणया तदीयमन्तःकरणं निरस्तपापपुंजमलं विदधाति कीदृशः दिवि द्योतमाने शरीरमध्यवर्ति हार्दाकाशे (**शुक्रः**) शुद्धः दीप्तिमान वाविराजति विभाति पुनः कीदृशः (**महिषी**) महिषपत्नी पट्टराज्ञी वा, यथा विविधानि घृतपय प्रभृतीनि भोग्यजातानि वा जनयति निष्पादयति । तथा विजायते स्वभक्तानां कृते विविधानि सुखानि निष्पादयति (**महिषी**) ग्रहणं मातुरुपलक्षणम् माताशिशुनिव स्वभक्तान् नानाविध भोग्यं भोजयतीत्यर्थः

હે અગ્નિ ! પરમેશ્વર જીવને પવિત્ર કરે છે. ઈશ્વરપ્રણિધાનથી દયાળુ બનીને પાપના ઢગલાને દૂર કરે છે. શુદ્ધ રૂપે પ્રકાશે છે જેવી રીતે પટ્ટરાણી (ભેંસ) દૂધ ઘી રૂપે ભોગ્ય પદાર્થોને ઉત્પન્ન કરે છે તેવી રીતથી પોતાના ભક્તોને સારૂ વિવિધ પ્રકારનાં સુખોને આપ ઉત્પન્ન કરો છો.

મહિષી શબ્દ માતા સમાન ભાવ જણાવનાર છે તેવી રીતનો પ્રભુનો ભક્ત ઉપર ભાવ છે.

नमः सखिभ्यः पूर्व सद्भ्यो नमः साकन्निषेभ्यः ।
युञ्जे वाचं शतपदीम् ॥६३॥

प्र ९. अ २. सू ७. ऋ १ जीवोक्तिः

(**पूर्वसद्भ्यः**) मत्तः पूर्वं इश्वराराधने प्रवृतेभ्यः तथा (**साकन्निषेभ्य**) साकं निषद्भ्यः मया सार्धं भगवद् ध्याने प्रवर्तमानेभ्यः (**सखिभ्यः**) सहचरेभ्यः मित्रेभ्यः (**नमः**) नमस्कारोऽस्तु (**शतपदीम्**) अनन्तफलाम् (**वाचम्**) वाचमोंकार रुपाम् (**युञ्जे**) अहं मनसा युनज्मि जपाय इतिशेषः

અમારા પહેલાં ઈશ્વરારધનમાં પ્રર્વતેલા ને મારી સાથે ધ્યાન કરનાર મિત્રોને નમસ્કાર હો ! અનન્ત ફળવાળી ૐકાર વાણીમાં હું મનને જપ માટે જોડુ છું.

युञ्जे वाचं शतपदीं गाये सहस्र वर्तनि ।
गायत्रं त्रैष्टुभं जगत् ॥६४॥

प्र ९. अ २. सू ७. ऋ २ जीवोक्तिः

(**सहस्रवर्तनि**) सहस्रं वर्तनयः वर्तनानि गमनानि गमनागमनानि यत्र स सहस्रवर्तनि संसारः तत्र विभक्ति लोपश्छान्दसः (**गायत्रम्**) (**त्रैष्टुभम्**) जगत् जागतम् गायत्रीत्रिष्टुब् जगति छन्दः सम्बद्धं साम तद्रुपां वेदत्रयी सारभूतां वा (**शतपदीम्**) अनन्त फलां वाचं प्रणवरुपां (**युञ्जे**) जपायमनसा योजयामि किंच (**गाये**) गाययामि

तद्वाचा परमात्मनः सद्य प्राप्त्यै ऊच्चैरुच्चारयामि सहस्रवर्तनीति गान विशेषं वा सहस्र प्रकारं इत्यर्थः ॥

હજારો જન્મવાળા સંસારમાં ગાયત્રિ ત્રિષ્ટુપ્ વિગેરેથી યોજાયેલા સામવેદના સારભૂત ત્રણે વેદોની સારભૂત અનન્ત રૂપવાળી પ્રણવ ૐકાર વાણીના જપ માટે મનની સાથે જોડું છું. વળી ગાન કરૂંછું. તે વાણીને પરમાત્માને જલદીથી મેળવવા મોટેથી ઉચ્ચારૂં છું.

गायत्रं त्रैष्टुभं जगत् विश्वारुपाणि संभृता ।
देवा ओकान्सि चक्रिरे ॥६७॥

प्र ९. अ २. सू ७. ऋ ३ ईशोक्तिः

अयि मनुष्याः (गायत्रं) गायत्री छन्दोऽधिष्ठात्रग्निदेव जातत्वादृग्वेदः (**त्रैष्टुभम**) तच्छन्दोऽभिमानीन्द्रदेव प्रवर्तितत्वाद् यजुर्वेदः (**जगत्**) जागतम् जगति छन्दोऽधिपति सूर्याविर्भूतत्वात् सामवेदः (**विश्वा**) विश्वानि नानाविधानि (**रुपाणि**) (**संभृतः**) संभृतानि तैर्वेदैः संपादितानि वेदैरेवः भवतां सर्वे लोकाः संपाद्यन्त इतिभावः किञ्चएभिः वेदैरेव देवा ज्ञानातिशयेन ततुल्यविद्वान्सः (**ओकान्सि**) पृथ्व्यन्तरिक्षद्युस्थानानि चक्रिरे कुर्वते निष्पादयन्ति ॥

અરે મનુષ્યો ગાયત્રિ પ્રધાન ઋગવેદ, ત્રિષ્ટુપ્ પ્રધાન યજુર્વેદ, જગતછન્દ પ્રધાન સામવેદ તેવાં નાના પ્રકારનાં રૂપોથી એકઠા મળેલા તે વેદોથી તમારા સર્વ લોકોને ઉત્પન્ન કરે છે આજ વેદો વડે દેવો ઘણા જ જ્ઞાનવાળા દેવ તુલ્ય વિદ્વાનો પૃથ્વી અને અંતરીક્ષને બનાવે છે.

अग्निर्ज्योतिर्ज्योतिरग्निरिन्द्रोज्योतिर्ज्योतिरिन्द्रः ।
सूर्यो ज्योतिर्ज्योतिः सूर्यः ॥६८॥

प्र ९. अ २. सू ८. ऋ १ ईशोक्तिः

अयि मर्त्य अग्नि इन्द्रादित्य ज्योतींषि क्रमेण पृथ्व्यादि लोकत्रय-

वर्ति समस्तवस्तुजातं प्रदातुं क्षमन्ते ॥ सर्वदेवैः समं ज्योतिश्च विनिमयोऽविना भाव बोधनाय ।

અર્થઃ--મનુષ્ય ! અગ્નિ, ઇન્દ્ર અન આદિત્ય-ક્રમપૂર્વક પૃથ્વી આદિ ત્રણ લોકની સર્વ વસ્તુઓને તેજ આપવાને શક્તિમાન છે. હમેશાં તેજ અંધકારને નાશ કરનાર છે.-[અગ્નિને જ્યોતિને પરસ્પર કાયમ સંબંધ છે. તેમજ અગ્નિને ઇન્દ્રનો પણ તેવોજ છે.]

सहरय्या निवर्तस्वाग्ने पिन्वस्व धारया ।
विश्वप्स्न्या विश्वतस्परि ॥६७॥

प्र ९. अ २. सू ८. क्र २. जीवोक्तिः

(**अग्ने**) लक्षणया तेजस्वरुप परमात्मन् (**सहरय्या**) वेगेन समं सत्वरं (**निवर्त्तस्व**) कुमार्गात् (**निवारय**) (**विश्वप्स्न्या**) विश्वस्य समस्तस्योपद्रवजातस्य भक्षिकया शमयित्र्या धारया त्वद्भक्तिपियूष धारया धारयति भगवति पुरुषं स्थापयति धारा भगवत् प्रीति तया वा (**पिन्वस्व**) सिञ्च प्रीणय वा कीदृश्या (**विश्वतः**) सर्वस्मात् (**परि**) उपरि वर्तमानयेति शेषः सर्वोत्तमयेत्यर्थः प्सा भक्षणे (अ० प्र०) ततः क्विन ।कत्वादाकार लोपः प्साति भक्षयति **प्स्नः** ॥

અર્થઃ—તેજ સ્વરૂપ પરમાત્મન્! ખરાબ માર્ગથી જલદીથી રોકો. સમસ્ત ઉપદ્રવને શમાવનાર સર્વોત્તમ, તમારી ભક્તિની પ્રેમ-રૂપી ધારાથી અમારૂં સિંચન કરો.

अभि वाजी विश्वरुपो जनित्रं हिरण्ययं बिभ्रदत्कं सुपर्णः ।
सूर्यस्य भानुमृतुथावसान परिस्वयं मेधमृज्रोजजान ॥६८॥

प्र ९. अ २. सू १२. क्र १

भगवन् (**विश्वरुपः**) विविधरुप भूत चतुरशितिलक्षसंख्यासु योनिषु परिभ्राम्यन् (**सुपर्णः**) शरीरवृक्षहृन्नीडवासि पक्षिविशेषो जीवोद्वा "सुपर्णेति" मुण्डक श्रुतौ सुपर्ण शब्दस्य जीववाचित्व दर्शनात् (**हिरण्ययम्**)

हिरण्ययं "हिरण्य श्मश्रुरित्यादि छान्दोग्य श्रुतेः" स्वर्ण सन्निभं प्रकाश स्वरुपं (**बिभ्रत**) सर्वपोषकं (**अत्कम्**) सन्ततम् सर्वव्याप्तं अत् सातत्य गमने (**भू० प०**) क्विप् ततः स्वर्थिकः कः (**अभि**) अभिगच्छति इति शेषः कीदृशो जीवः (**वाजी**) वेगान्वितः भवत्समक्षं त्वरमायाति इत्यर्थः । सूर्यस्य योगभास्करस्य (**भानुम्**) योगसमाधिजामृतं ऋतंभरांप्रज्ञां (**ऋतुथा**) ऋतुषु सर्वेषु सर्वदेति यावत् (**वसानः**) वस्त्रवत्परिदधानः सततं भजमानः (**ऋज्रः**) सरलः निष्कपटं भवत्पथि प्रचलन् (**परि**) परितः सर्वथः स्वयं स्वकीयं मानुषं विग्रहम् (**मेघम्**) पवित्रम् (**जजान**) जनयति भक्तिबलेन त्वं साक्षात्कृत्य सफलजन्मा भवतीत्यर्थः

જીવઃ--હે ભગવન્! ચોર્યાંશી લક્ષ યોનીમાં ભટકતો શરીર વૃક્ષના હૃદયરૂપી માળામાં રહેનારો જીવ હિરણ્યગર્ભ સોના સરખા પ્રકાશમાન સ્વરૂપવાળા સર્વપોષક સર્વવ્યાપક આપની પાસે જલદીથી આવે છે. યોગસૂર્યના પ્રકાશ યોગની સમાધિથી ઉત્પન્ન થતી ઋતંભરા પ્રજ્ઞાને-હમેંશાં વસ્ત્ર માફક પહેરતો એટલે હંમેશ પ્રકાશતો નિષ્કપટ આપના માર્ગમાં ચાલતો, પોતાના મનુષ્યશરીરને સર્વથા પવિત્ર કરે છે. એટલે કે ભક્તિ બળથી આપનો સાક્ષાત્કાર કરીને જન્મ સફળ કરે છે.

अप्सुरेतः शिश्रिये विश्वरुपं तेजः पृथिव्यामधीयत् संबभूव । अन्तरिक्षे स्वं महिमानं मिमानः कनिक्रन्ति वृष्णोऽश्वस्यरेतः ॥

॥६९॥ प्र ९. अ २. सू १२. ऋ २ जीवोक्तिः

विश्वेश ! (**अप्सु**) अव ग्रहणं कारणत्वेन मूल प्रकृतेरुपलक्षणं तथा च प्रकृतौ जगदम्बायां (**रेतः**) बीजम् बीजधारकं जगद्गर्भं स्थापकं (**विश्वरूपम्**) सर्वात्मानं त्वां (**शिश्रिये**) अध्याश्रितवान् प्रपन्नोऽस्मि कीदृशं त्वां (**यत्**) यः (**पृथ्व्याम्**) भूमौ (**तेजः**) सस्यादि

उत्पादनसामर्थ्यं (**अधिबभूव**) अधिक्येन भावयति निष्पादयति किंच (**अन्तरिक्षे**) द्यावापृथ्व्यार्मध्यवर्तिनि प्रदेशे अन्तरेमे रोदस्यौक्षयति निवसति यत्तदन्तरिक्षमिति देवराजः (**स्वं**) स्वकीयम् (**महिमानम्**) महत्वं विभवं विभूतिं ((**मिमानः**) प्रकटयन् (**वृष्णः**) वर्षकस्य स्वकरैर्जलमाकृष्य सहस्रगुणं पुनरुत्सृजतः वृष्टिरुपेण भुमौ पातयतः (**अश्वस्य**) न, श्वयति वर्धते सोऽश्वः वृद्धिह्रासवर्जितो निर्विकारः सर्वदैकरसः सूर्यस्यतस्य अश्नुवानस्य करजालैः सर्वं व्याप्नुवतो वा (**रेतः**) सारं भुमेरुपर्याकृष्टमम्भः क्षेपतुं (**कनिक्रन्दति**) भृशं शब्दायते मेघ गर्जितुं विदधाति आह्वयति लक्षणया निपातयति वा ।

હે વિશ્વેશ ! જગતની માતારૂપ મૂળ પ્રકૃતિમાં જગતના ગર્ભને સ્થાપન કરનાર બીજને તમે રોપ્યું છે. જે ભૂમિ ઉપર ધાન્યાદિ ઉત્પન્ન કરનાર શક્તિવાળું અધિકતાથી થયું છે. અન્તરિક્ષમાં પોતાના મહિમાને પ્રગટ કરતું તે વર્ષારૂપ સહસ્ત્ર ઘણું બની ભૂમિપર વરસાદ વરસાવે છે. વૃદ્ધિને ક્ષય રહિત હંમેશાં એકજ રસવાન સૂર્યના કિરણુરૂપી હાથથી પૃથ્વીના સારને ખેંચીને વૃષ્ટિરૂપે પૃથ્વી પર ફેંક છે.

अयं सहस्रा परियुक्ता वसानः सूर्यस्य भानुं यज्ञो दाधार ।
सहस्रदाः शतदा भूरिदावा धर्ता दिवो भुवनस्य विश्पतिः ।७०।

प्र ९. अ २. सू १२. क्र ३ जीवोक्तिः

(**दिवः**) स्वर्गस्य न केवलं तस्य किन्तु (**भुवनस्य**) भुतजातस्य सर्वस्य लाकस्य (**धर्ता**) धारकः (**विश्पतिः**) विशां प्रजानां पति पालकः (**सहस्रदा**) (**शतदा**) (**वा**) अथ (**भूरिदा**) बहु दानः यो य पुमान यावद्याचते शतं सहस्रं बहुतरं वा तस्मै तावत्प्रयच्छति इत्यर्थः (**यज्ञः**) यष्टव्य अयं स्वात्मतयाऽपरोक्षः परमात्मा (**युक्त**) युक्तानि स्वकर्तव्यलग्नानि (**सहस्रः**) सहस्राणि ब्रह्माण्डानि (**परि**) परितः सर्वासु दिक्षु (**वसान**) वासयन् (**सुर्यस्य**) आदित्यस्य (**भानुं**) प्रकाशं (**दधार**) धारितवान् दत्तवान् स परमेश्वरः ममाश्रयः

સ્વર્ગના ને ત્રણ ભુવનના એટલે સર્વ લોકના ધારણ કરનાર પ્રજાઓના પાલકને જેમ જેમ માણસો માગે છે, તેમ તેમ સેંકડોથી, હજારોથી, અગર બહુજ રીતે આપનાર તમે છો. પૂજ્ય! સ્વાત્મભાવથી અપરોક્ષ પરમાત્મા પોતાના કર્તવ્યમાં જોડાએલાં હજારો બ્રહ્મનાં અણુઓને સર્વ દિશાઓમાં ફેલાવતા આપ સૂર્યને પ્રકાશ આપો છો તેજ પરમેશ્વર મારા આધાર છે.

परिशिष्ट मंत्राः

असौ या सेना मरुतः परेषामभ्येति न ओजसा स्पर्द्धमाना।
तां गूहत तमसा अपव्रतेन यथैतेषामन्यो अन्यं न जानात् ॥७१॥

प्र. ९. अ ३. सू ४. ऋ ३

मरुतः इन्द्रसहचराः देवाः (**असौ**) सन्नद्धाः विप्रकृष्टा वा (**परेषाम्**) सपत्नानां (**सेना**) (**ओजसा**) बलेन (**स्पर्धमाना**) ईर्षां कुर्वाणः (**नः**) अस्मान् (**अभ्येति**) (**तां**) (**अपव्रतेन**) येन कर्माणि नश्यन्ति तदपव्रतम् अशक्यकर्मानुष्ठानं जाड्यमिति यावत् (**तेन**) तमसा अन्धकारेण तथा गूहत संवृणुत आच्छादयत यथा एतेषाम् सैनिकानां मध्ये कश्चित् (**अन्यो अन्यम्**) परस्परं नजानात् नजानीयात्

અરે ઇન્દ્રના સહચારી દેવો! પેલી અમારા દુશ્મનોના બળથી સ્પર્ધા કરતી સેના અમારા ઉપર હુમલો કરે છે, તેમને કામ કરવામાં અશક્ત એવી રીતે કરો કે અંધકારથી ઢાંકી દો ને સૈનિકોમાંથી કોઈ પરસ્પર એક બીજાને ઓળખી શકે નહી.

कङ्काः सुपर्णा अनुयन्त्वेनान् गृध्राणामन्न मसा वस्तु सेना।
मैषां मोच्यघहार श्च नेन्द्र वयां स्येनाननु संयन्तु सर्वान् ॥७२॥

प्र. ९. अ ३. सू ६. ऋ १ जीवोक्तिः

(**सुपर्णा**) सुपतनाः (**कंका**) क्रव्याद पक्षिविशेषः (**एनान्** शत्रून्

(**अनुयन्तु**) अनुगच्छन्तु (**असौसेना**) (**गृध्राणाम्**) पतत्रि विशेषाणाम् (**अन्नम्**) भोज्यम् (**अस्तु**) भवतु (**एषाम्**) सपत्नां मध्ये कश्चित् (**मामोचि**) न मुच्येत् किञ्च (**अघहारः** अघं पापं हरति आहरति प्रापयति संपादयति सो अघहारः पापीयान् (**न मोचीत्यनुषङ्गः**) विमुक्तो न भवेदित्यर्थः किं बहुनां (**एनान् सर्वान्** (**वयांसि**) गृध्रादि पक्षिणः (**अनुसंयन्तु**) सम्यगनु गच्छन्तु अस्मदीय शत्रु संदोहः नश्येदित्यर्थः

સારી પાંખવાળા માંસ ભક્ષી પક્ષીઓ શત્રુઓની પાછળ જાઓ. આ સેના ગૃધ્રોનું ભક્ષણ બનો. શત્રુઓમાંથી કોઇને તે છોડે નહિ.

આ બધાની પાછળ ગીધપક્ષીઓ પડો અમારા બધા શત્રુઓ નાશ પામો.

अमित्र सेनां मघवन्नस्मां छत्रु यतीमभि ।
उभौ तामिन्द्र वृत्र हन्नग्नि श्च दहतं प्रति ॥७३॥

प्र १. अ ३. सू ६. ऋ २ जीवोक्तिः

(**मघवन्**) समस्त धन स्वामिन (**वृत्रहन्**)अस्मत्परि पथिहन्तः त्वं (**अग्निश्च**) (**उभौ**) युवाम् (**अस्मान्**) (**अभि** अभ्यागच्छन्तीं (**शत्रुयतीम्**) शत्रुत्वमुपगताम् शत्रुभाव भजमानां शत्रु शब्दोभाव प्रधानः एतेः शतृप्रत्ययान्तान्ङीम् " इणोयण " शत्रु शब्दात् क्यजन्तात् शतृप्रत्यये वा ङीप दैर्घ्याभ वश्छान्दस तत्र शत्रुमिच्छन्तीं विजिघृक्षन्तीमित्यर्थः (**ताम्**) अस्मन्नाशोद्युक्ताम् (**अमित्रसेनाम्**) विपक्ष ध्वजिनीम् (**प्रति**) प्रति निवर्तयतम् प्रतिनिवृताया पुरागमन भयादाह (**दहतम्**) भस्मसात्कुरुताम्

હે સમસ્ત ધનના સ્વામિન્! અમારી અડચણને દૂર કરનાર. તમે અને અગ્નિ, અમારા ઉપર દુશ્મનાવટ ધારણ કરનાર વિરોધ કરવાની ઇચ્છાવાળી અમારા તરફ ધસી આવતી, દુશ્મનની સેનાને દૂર હવો અને બાળી મૂકો.

इन्द्रस्य बाहू स्थविरौ युवानावनाधृष्यौ सुप्रतीकावसह्यौ ।
तौ युञ्जीत प्रथमौ योग आगते याभ्यां जितम सुराणां सहो महत्॥७४॥

प्र १. अ ३. सू ७ ऋ ३ जो०

(**इन्द्रस्य**) परमेश्वरस्य गृहीत रामादि विग्रहस्य (**बाहू**) भुजौ (**स्थविरौ**) दृढौ स्थूलौवा (**युवानौ**) नूतनौ कदापि अजीर्णौ **अनाधृष्यौ**) अनभिभवनीयौ (**सुप्रतिकौ**) शोभनाकृती करिकर कल्पौ (**असह्यौ**) केनचित् सोढुमशकयो (**प्रथमौ**) प्रतमौ प्रकृष्टौ (**तौ**) बाहू (**योगे**) सन्नियुक्त योधृके संग्रामे आगते समुपस्थि ते (**युंजीत**) युनक्तु भवानिइतिशेष: तौ कौ (**याभ्याम्**) बाहूभ्यां (**असुराणाम्**) (**महत्**) विशालम् (**सहः**) बलम् (**जितम्**) पराभूतम्

રામ આદિ અવતારો લેનાર ઈન્દ્રના બે દઢ, નવીન, હાર ન પામે તેવા સુંદર અસહ્ય, પ્રકૃષ્ટ બાહુઓ (હાથો) યુદ્ધનો સમય આવી પહોંચતાં અમને સહાય આપો; જે હાથવડે આસુરોના મહાન લશ્કરને હરાવ્યું છે.

अन्धा अमित्रा भवताशीर्षाणोऽहय इव ।
तेषां वो अग्नि नुन्नानामिन्द्रो हन्तु वरंवरम् ॥७५॥

प्र १. अ ३. सू ८. ऋ २ जो०

(**अमित्राः**) भो शत्रवः यूयं (**अशीर्षाणः**) छिन्न मूर्धानः (**अहयः**) सर्पाः इव अन्धाः दृष्टिशून्यः अकिंचित्कराः (**भवत**) अग्निना (**नुन्नानाम्**) दग्धानाम् (**वः**) युष्माकं मध्ये अवशिष्टं वरंवरम् यो यः श्रेयांस्तम् (**इन्द्रः**) (**हन्तु**) हन्यात्

અરે શત્રુઓ તમો કપાએલા મસ્તકવાળા સાપની માફક આંધળા બનો. અગ્નિથી બળતાં તમારામાંથી બાકી જે સારા રહેલા હોય તેમને ઈન્દ્ર મારી નાંખો.

विहितं सामवेदेऽस्मिन् रामभाष्यं यथामति ।
वेदार्थ सौघसोपानं प्रियतां तेन माधवः ॥